

'ફેફસાના કેમ્પ'નું ઉદ્ઘાટન કરતાં મહાનુભાવો

એવોર્ડ મેળવતાં શ્રી નિલાબેન સોનાણી



એવોર્ડ મેળવતાં શ્રી લાભુભાઈ સોનાણી



શ્રવણમંદો દ્વારા, નાતાલની ઉજવણી

એવોર્ડ મેળવતાં શ્રી હર્ષાબેન આસરા



શ્રવણમંદોની રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી સાથેની મુલાકાત

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી



૧૫ ફેબ્રુઆરી-૨૦૧૭
અંક નં. ૫૦







સંસ્થા દ્વારા, મહિલા સશક્તિકરણ યોજના

'સફળતાનું રહસ્ય' બૂકના વિમોચન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો





પી.એન.આર.ના કાર્યકર્તાઓની રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી સાથેની મુલાકાત

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 February-2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# ગુજરાતના મહામહિમ રાજયપાલશ્રીની મુલાકાતે આપણી શાળાઓ

**રાજભવન - ગાંધીનગર :-** ૨-૧-૧૭ ના રોજ શાળાના ૭, ૮, ૯ અને ૧૧ ધોરણના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો પ્રવાસ, મહામહિમ રાજયપાલ શ્રીના ખાસ આમંત્રણથી, ગાંધીનગર **રાજભવનની મુલાકાત**, સાથે-સાથે મહુડી અને સાઈન્સ સીટી ખાતે યોજાઈ ગયો. મહુડીમાં ઘંટાકર્ણ મહાવીર ભગવાનના દર્શન કરી, સુખડીનો પ્રસાદ લઈ, બધાંજ સવારે ૧૧ વાગે રાજભવન પહોંચ્યા. જે આ પ્રવાસનું યાદગાર સંભારણું રહ્યું. રાજભવનમાં પ્રવેશ લઈ, સૌ સભાખંડમાં બેઠાં. થોડીવારમાં મહામહિમ રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલી આવ્યાં. તેમણે બાળકો સાથે વાતચીત કરી. આ મુલાકાતમાં શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા જોડાયેલ. તેમની સાથે રાજયપાલશ્રીએ, **શ્રવણમંદ બાળકોના શિક્ષણ** અને તેમને પડતી મુશ્કેલીઓ, જરૂરી સવલતો વગેરે વિષે વાતચીત કરેલ. વિશાળ રાજભવનના વિવિધ વિભાગો-લાઈબ્રેરી, સભાખંડ, જીમ, વી.આઈ.પી. ગેસ્ટ રૂમ, રાજયપાલશ્રીનું ગૃહસ્થાન, તેમની વિશિષ્ટ કાર, ત્યાંની સુરક્ષા વ્યવસ્થા, બગીચો વગેરે નિહાળીને બાળકો અભિભૂત બન્યાં.



શ્રી ખી.લ. બહેરાં મૂગા શાળા





નટરાજ સી.પી. સ્કૂલ



પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલના દિવ્યાંગ વિદ્યાર્થીઓ, સ્ટાફ, કાર્યકર્તાઓની એક મુલાકાત, પૂર્વ નિર્ધારિત અનુમતિ સહ, **ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલી સાહેબ** સાથે, રાજ્યભવન, ગાંધીનગર ખાતે, તા.૧૦-૨-૧૭ ના રોજ કરવામાં આવેલ હતી.

રાજ્યભવનના ભવ્ય મુલાકાત ખંડમાં, **સંસ્થાની માહિતી** સહમંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડે આપેલ હતી. ત્યારબાદ રાજ્યપાલશ્રીએ ખૂબજ ઉત્સુકતાથી બાળકોની સ્થિતિ, તેમનું શિક્ષણ, બાળકોમાં થતાં સુધારા અને તેમના પુનઃસ્થાપન વિષેની જાણકારી પૂછી હતી. જેમના જવાબો શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન શાહે આપેલ હતાં. રાજ્યપાલશ્રીના સંબોધન બાદ, સંસ્થા તરફથી સી.પી. બાળકો નિર્મિત મેમેન્ટો, સંસ્થાની માહિતી પુસ્તકો તેમને ભેટ આપવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમમાં સંસ્થાના ખજાનચી શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, પ્રવાસના સ્પોન્સર ડૉ. આર.બી. થોરાટ, એકાઉન્ટન્ટ શ્રી ભદ્રેશભાઈ જાની, પ્રવાસના મુખ્ય આયોજનકર્તા, શાળાના વિશિષ્ટ શિક્ષકો સર્વશ્રી જ્યોતિબેન પરમાર, શ્રી કાર્તિકભાઈ વ્યાસ, શ્રી વરૂણભાઈ વ્યાસ અને સમગ્ર સ્ટાફે ખૂબ જહેમત ઉઠાવી હતી. રાષ્ટ્રગાન દ્વારા આ મુલાકાત પૂર્ણ થઈ હતી.

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- જીવન પરિવર્તનનું સારેગામા . . . . ૦૫
- નેશનલ ટ્રસ્ટનાં સ્થાપના દિવસની ઉજવણી . . . . . . . . . . ૦૭
- સી.પી. શાળામાં ધ્વજવંદન. . . . . ૦૭
- ગુજરાત સરકારનું દિવ્યાંગો પ્રત્યે હકારાત્મક વલણ. . . . . . . . . . ૦૮
- અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક મંડળની રચના . . . . . . ૦૮
- વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી . ૦૮
- લાઈબ્રેરી કોર્નર. . . . . . . . . . . ૦૯
- અમેરિકાના ડૉક્ટરોનો ફ્રી કેમ્પ . . . ૦૯
- દાતાશ્રીનો ઉદાર પ્રતિભાવ . . . . . . ૦૯
- શ્રીમતી જ્યોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના. . . . ૧૦
- નેત્ર નિદાનની વિવિધ કેમ્પ . . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-નટરાજ કૉલેજ. . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-પોલીયો હૉસ્પિ. . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-PRV સહાય કેન્દ્ર ૧૮
- સંક્ષિપ્ત સમાચાર-TTC - KLID . . ૧૮
- કે.કે. અંધશાળા . . . . . . . . . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-VCL હોસ્પિટલ . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૧
- અભિપ્રાય. . . . . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## વિકલાંગોના અધિકારનો કાયદો

**૧૬ ડિસેમ્બર ૨૦૧૬** નો દિવસ, દિવ્યાંગ લોકો માટે ખાસ **યાદગાર દિવસ** બની રહેશે. ૧૯૯૫ના PWD Act ના અમલ પછી, વિકલાંગો માટેનો **નવો કાયદો RPD Act** ૨૧ વર્ષ પછી, આ દિવસે અમલમાં આવ્યો છે. ૧૯૯૫ નો કાયદો એ વિકલાંગોને સમાનતક પૂરી પાડવાના ઉદેશ્ય સાથેની જોગવાઈઓ વાળો કાયદો હતો, **RPD Act એ વિકલાંગોના અધિકારનો કાયદો છે** અને તેના અમલની સુનિશ્ચિત વ્યવસ્થા પણ સાથે છે. વિકલાંગોની સાત જેટલી વિકલાંગતાઓમાંથી એકવીસ જેટલી વિકલાંગતાઓ આ કાયદામાં સમાવી લેવામાં આવી છે. એજ રીતે વિકલાંગતાઓ માટે **૩%** જેટલી અનામત આપવામાં આવતી હતી, તે વધારીને **૪%** આપવામાં આવી છે. RPD Act ના અસરકારક અમલ માટે ખાસ મિકેનિઝમગોઠવાયું છે, જેમાં જિલ્લામાં **ખાસ કોર્ટો** રચવાની જોગવાઈ પણ કરવામાં આવશે. ખાસ એ બાબત ઉલ્લેખનીય છે કે, **આ કાયદાના અધિકારોનો ભંગ કરનારને દંડ અને સજાની જોગવાઇ પણ છે** જેથી કાયદાના અમલ આડે આવતાં અવરોધ નિવારી શકાશે, અને તેનો અસરકાર અમલ થશે. વિકલાંગો માટે નિશ્ચિત ટકાવારી મુજબનું અનામત બહાર પાડવામાં આવ્યું છે. જેથી વિકલાંગોની રોજગારીનું ક્ષેત્ર વિસ્તૃત બન્યું છે, જે આવકારવાલાયક છે. આ કાયદાનો અમલ કરવાની રાજય સરકારની જવાબદારી નકકી કરાય છે. વિકલાંગોને અવરોધ યુકત વાતાવરણ પૂરું પાડવા માટે, દરેક જાહેર સ્થળો અને ઈમારતોને ચોકકસ સમય મર્યાદામાં 'એકસેસિબલ' બનાવવાની જોગવાઈઓ પણ છે. વિકલાંગ મહિલાઓ અને બાળકો ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, તેથી આ વર્ગના ઉત્કર્ષ માટે યોગ્ય પગલાં લેવાશે તેમ જણાય છે. આમ આ જે નવો RPD Act નો કાયદો કેન્દ્ર સરકારે ઘડયો છે, તે વિકલાંગોને ગૌરવભેર જીવન જીવવાના હકકોને પ્રસ્થાપિત કરશે, તેથી ખૂબ જ આવકાર્ય છે.

✍ **કિરીટ રાઠોડ**

### ETERNAL STUDENT

There is no end to education. It is not that you read a book, pass an examination, and finish with education. The whole of life, from the moment you are born to the moment you die, is a process of learning.


**- J Krishnamurti**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૫૦**
  ૧૫ ફેબ્રુઆરી - ૨૦૧૭
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **શશીકાંત વડિયા**
  **આરિફ જેઠવા**
  **નીતા રૈયા**
  **હિના મહેતા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



K. D. PADIA

- **Congratulations !**

Ms. Harsha Ashara, Special Educator (HI) of K. L. Institute for the Deaf (KLID) bagged **Smt. Nandini P. Divetia Best Teacher Award (2016)** from the National Society for Equal Opportunity for the Handicapped, India. The award was conferred on her at Mumbai. Smt. Nilaben Sonani and Shri Labhubhai Sonani of K. K. School and Home for the Blind were awarded **Pragnachakshu Pratibha Award (2016) and Dr. Nilkanthrai Chhatrapati Award** respectively. The PNR Society and its associated institutes congratulate above awardees for their prestigious awards.

- **Good News**

In order to ease the communication with hearing –impaired (HI) a dictionary having 6000 Hindi and English words (ISL – Indian Sign Language) will be released shortly by Social Welfare Department. Each word is explained by sketch or cartoon. Any normal person will find it very useful for communication with hearing-impaired.

- **KLID Teachers in NCED Shine**

Annual Conference (2016) specially designed to deliberate on **"Modern Practices and New Horizons in Education of Children with Hearing Impairment"** under auspices of National Convention for the Education of the Deaf – Gujarat chapter – Baroda (NCED) had 35 presentations in all. Four teachers of KLID – Smt. Kavita Shah, Smt. Falguni Makwana, Miss Shrim Savajiyani and Smt. Pragna Pandya – presented papers in this conference and earned appreciation from the participants and organizers.

- **National Trust Foundation Day Celebrated**

The 30th December 2016, the 18th Foundation Day of National Trust (New Delhi), was celebrated in the C. P. School with educative lectures by the Social Defence Officer Shri Bhagirathsinh Chudasama who spoke on **Legal Guardianship** and Occupational Therapist Shri Amit Mitra on activities and accomplishments of the National Trust. The items prepared by C. P. Children were presented as Mementos to the invited guests and office-bearers of PNR and its associated institutions.


- **'Secret of Success' Second Edition Released**

AT&T Technology Park run by PNR Society has been rendering Computer Skills to the disabled since 2001. The second edition of 'Safaltanu Rahasya – Secret of Success' released on 7 Jan. 2017 has 100 success stories of the handicapped who acquired computer skills from the AT&T Technology Park and who are employed and self-employed earning their livelihood and living respectful life in the society. It is hoped that the other handicapped will be inspired by these success stories and take the benefit of free computer training from this Park. The Release Function was blessed by USA-based donors and the past faculties.

- **News in Brief**

Activity of Prevention of disability, services of PNR Hospital and V. C. Lodhawala Hospital, diagnoses camps, PRV Workshop, Ankur School, C. P. School, Nataraj Training and Reasearch Center, Celebration of Disabled Day and Republic Day by associated institutions, etc. have been described in details in this issue.

# ‘જીવન પરિવર્તનનું સારેગમ...’



**(આ લેખ તા.૨૮-૮-૨૦૦૨ ના રોજ “જન્મભૂમિ” દૈનિકપત્રમાં છપાયો હતો. જે આજે પણ સમયોચિત છે, તેથી પ્રસિધ્ધ કરાયો છે.)**

**✍ લેખક : શરદ દોશી**

માનવ જીવન બહુ અજબ-ગજબનું છે. જયારે શકિત હોય ત્યારે સમજણ નથી હોતી અને સમજણ આવે ત્યારે, શકિત નથી રહેતી. સમજાય કે જીવન આવું હોવું જોઈએ, ત્યારે જીવન પૂર્ણ થવાને આરે, ગૂંચવાયેલું પડયું હોય છે અને ગૂંચ સાથે જીવવાની આદત પડી જાય છે. જીવન સારું છે, સુંદર છે પણ સરળ નથી. છતાંય જીવન એકવાર જીવવા જેવું તો છે જ.

પ્રકૃતિ અને જીવનનો નિયમ સતત પરિવર્તનનો રહયો છે અને રહેશે પણ ખરો. એમાંથી કોઈ બાકાત રહી શકે તેમ નથી. મરાઠી લેખક વિ.સ. ખાંડેકરે કહયું છે કે **“દરેકનું જીવન એક નવલકથા જેટલું ઊંડું અને સાગર જેટલું વિસ્તૃત હોય છે.”** દરેક માણસ પોતાના જીવનનો શિલ્પકાર છે. માણસ જેવું વિચારે તેવો તે બને છે. જીવન એક સળંગ તાકો છે, જેનો કોઈ પણ ભાગ સારો હોય કે ખરાબ, તેને ફાડી અળગો કરી શકાતો નથી.

દરેક મનુષ્યની અંદર વિકાસ માટે અનંત સંભાવનાઓ હોય છે. આ શકયતાઓમાં માણસને કોઈ વિચાર, વાત, ઘટના, વ્યકિત સાથેના સંપર્કની કોઈ એવી વાત, મનમાં ચોટ આપી દે છે કે માણસ **સારા** તરફ બદલાતો જાય, અંદરથી સમૃદ્ધ થતો જાય.

વાલિયો લૂંટારો તથા જેસલ-તોરલના જીવન પરિવર્તન વિષે વાંચ્યું છે. પરંતુ આપણી આસપાસ પણ ઘણાં માણસો હોય જ છે અને જોયા-મળ્યાં પછી ઉદ્‌ગાર નીકળી જાય, **“તારું જીવન તો વાહ ભાઈ વાહ!”** જીવનની કુટેવો છોડી, સુટેવો પાડવી અઘરું કામ છે અને એમાં સ્વ સાથેની લડાઈ છે.

પ્રેમપુરી આશ્રમમાં માનદ્‌સેવા આપતાં શ્રી નટુભાઈ દેસાઈ, ઉંમર ૭૪ વર્ષ, કદાવર દેહ, અવાજમાં રણકાર, માણસને સમજવાની સૂઝ, રમૂજી સ્વભાવ, હાજર જવાબી અને બુદ્ધિશાળી. આ બધાં સહજગુણો તેમને વરદાનમાં મળ્યાં છે. જીવનના વંટોળમાંથી પસાર થઈ, શાંતિ અને પરિવર્તન પામ્યાં છે.

સામાન્ય સ્થિતિમાં અને ખાનદાન કુટુંબમાં જન્મ થયો. એક જ સંતાન, લાડ-કોડમાં ઊછર્યા, એલફિન્સટન કોલેજમાંથી સ્નાતક થયાં. સાહિત્ય, સંગીત અને કલાનો ખૂબ શોખ, જે અત્યાર સુધી જળવાઈ રહયો છે. સગવડતાવાળું જીવન ગમે. એમનો બેફિકરાઈવાળો સ્વભાવ, પણ પિતાની **ધાક** ખરી.

કોલેજ જીવનમાં, જીવનનો વળાંક આવ્યો. મિત્રો એવા મળ્યાં કે જીવનને ખોટે રસ્તે લઈ ગયા. તેઓની સાથે વ્યસનમાં ફસાયા. જે વર્ષો સુધી ચાલ્યું.

વીમા કંપનીમાં નોકરી મળી, સફળતા મળી અને પૈસા પણ સારા મળ્યાં. પરંતુ વ્યસનો ચાલુ રહયાં અને આવા જીવનના કારણે ઘરમાં સહજ સંઘર્ષ થયાં. પત્ની સુશીલ મળી એટલે તેમને સંભાળી લીધા. ફરિયાદ ઓછી અને સ્નેહ ઝાઝો મળ્યો. અત્યારે એ હયાત નથી. પણ એમની **સ્મૃતિ** કુટુંબ સાથે વણાયેલી છે. એમના નામનું **પુષ્પાંજલિ ફાઉન્ડેશન ટ્રસ્ટ** ચાલે છે અને તેના નેજા હેઠળ **“સૂર-ગુલાલ”** નામના સંગીત મઢયાં, સુંદર કાર્યક્રમનું આયોજન કરાય છે. બીજા ઘણાં સારા કામો કરાય છે. આ ટ્રસ્ટ દ્વારા વિકલાંગ બાળકોને સહાય કરાય છે. ૧૯૮૬ માં પત્નીનું અવસાન થયું, ત્યારે તેમની ઉંમર ૫૮ વર્ષની હતી.

માતાના મૃત્યુ સમયે નટુભાઈની ઉંમર ૩૪ વર્ષની હતી. જે નજર સામે તેમને જોયેલું પહેલું મૃત્યુ હતું. બહુ આઘાત લાગ્યો. માનસિક સમતોલન ગુમાવ્યું. ઓફિસ જાય નહીં. સુનમુન બેસી રહે. મગજ શૂન્ય થઈ ગયું. જીવનમાંથી સત્ત્વ ભૂંસાઈ ગયું અને ડિપ્રેશનનો ભોગ બન્યાં.

એ સમયે કાવસજી જહાંગીર હોલમાં, શિવાનંદ આશ્રમના, સ્વામી કૃષ્ણાનંદજીના વ્યાખ્યાન શરૂ થવાના હતાં. માત્ર કુતુહલતા ખાતર તેઓ ત્યાં ગયા અને થોડા શબ્દો કાને પડયાં.

**‘જીવનમાં રોજ યોગને કેવી રીતે ઉતારવો, જેને કારણે માનસિક સમતુલન જળવાઈ રહે. જીવન વેડફી નાખવા માટે નથી. જવાબદારીઓ નિભાવવી જોઈએ.’** એ સાંભળી થોડી અસર થઈ. નવી દ્રષ્ટિ મળી, પરંતુ વ્યસનો ગયાં નહીં. જીવન ૬૦ વર્ષના આરે આવી ઊભું રહી ગયું. ધંધાદારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયાં. દીકરાઓએ જવાબદારી સંભાળી લીધી.

એક દિવસ એમની જ્ઞાતિમાં સ્વ. શામજી માવજી પારેખ સાથે, **પ્રેમપુરી**ના સ્વ. હરિભાઈ ડ્રેસવાલાને મળવાનું થયું. વાતવાતમાં તેમને શ્રી નટુભાઈ વિષે પૂછયું, અને કહ્યું ‘‘અહીં આવો, મારે માણસની જરૂર છે. મજા આવશે.’’ એ વાત પછી બીજા ૧૦ થી ૧૨ મહિના વહી ગયાં. ફરી એક વાર શ્રી નટુભાઈ શામજીભાઈ, હરિભાઈ સાથે થઈ ગયાં અને

ટકોર કરી, **''તમે આવ્યાં નહીં ?''** એ રાત્રે શ્રી નટુભાઈએ ખૂબ મથામણ અનુભવી. ઊંઘી શકાયું નહીં અને સવારના પહોરમાં, હરિભાઈ ડ્રેસવાલાને ત્યાં ગયા અને કહ્યું કે ''તમે મારા વિશે, મારા ભૂતકાળ વિશે જાણો છો ? હું આવું જીવ્યો છું. તમને કોઈ પૂછશે કે, આખા મુંબઈમાંથી તમને કોઈ ન મળ્યું ને **આ ભાઈ મળ્યાં ?** આશ્રમનું નામ ખરાબ થાય તેમ હું નથી ઈચ્છતો, મને માફ કરો.'' હરિભાઈ ડ્રેસવાલાએ વાત સાંભળ્યાં પછી કહ્યું; **''હવે તો તમારે આવવાનું જ છે.''** બસ, ત્યારથી, ૬૦ વર્ષની ઉંમરથી પરિવર્તનનો નવો તબક્કો શરૂ થયો. સાપ કાંચળી ઉતારે તેમ બધું ઊતરી ગયું. અહીં તેમને મન સાથેની લડાઈ તો લડવી જ પડી હતી. જૂના મિત્રો ફોન કરે, વ્યસન તરફ લઈ જવા આગ્રહ કરે, પરંતુ મન મક્કમ કરેલું, તેથી પ્રભુકૃપાથી તેમાંથી તદ્દન છૂટી ગયાં.



ઈશ્વરકૃપા, સત્સંગ, અનુભવ, જન્મજાત સંસ્કાર, કુટુંબીઓની હૂંફ, આશ્રમના ટ્રસ્ટીઓનો, કર્મચારીઓનો સહયોગ. આ બધાને કારણે એ સર્વે કુટેવોથી મુકત થઈ ગયાં છે. છેલ્લાં ૧૪ વર્ષથી બધું જ છૂટી ગયું છે અને હવે એ તરફ નજર પણ જતી નથી અને ગમતું પણ નથી.

એક મુલાકાતમાં શ્રી નટુભાઈ કહે છે, **''મારામાં હિંમત છે મને કોઈને મળવામાં અથવા સાચી વાત કહેવામાં ડર લાગતો નથી.** જેને કારણે જીવનમાં રાહત અનુભવાય છે. ઈત્તર પ્રવૃત્તિમાં અમે મિત્રો એક-બે મહિને, એકાદ જણના ઘરે ભેગા મળીએ છીએ. કોઈ વિચારક, સાહિત્યકાર, વિદ્વાનને બોલાવી વાતચીત કરીએ છીએ.''

ભાવનગરમાં આવેલી પી.એન.આર. સોસાયટી, જે વિકલાંગો માટે સમુદાય આધારિત સંસ્થાઓનું, સૌથી મોટું સંકુલ છે, તેમાં ટ્રસ્ટી. ત્યાં બધાં કાર્યકરો સક્રિય કાર્ય કરે છે. એક છત નીચે, પ્રતિદિન એક હજારથી પણ વધારે વિકલાંગોને સેવા આપતી સંસ્થાઓનું એક અદ્ભૂત સંકુલ છે. ૬૫૦ બાળકો ત્યાં રહે છે. જે સંસ્થાનો ઉદ્દેશ; સર્વેક્ષણ, પ્રતિરક્ષણ, સર્જિકલ સુધાર, સહાયક સાધન ઉપકરણ, ચિકિત્સા, શિક્ષણ, વ્યવસાયી તાલીમ તથા નોકરી અને સ્વરોજગાર દ્વારા, વિકલાંગોના સામાજિક તથા આર્થિક પુનઃસ્થાપનની પ્રક્રિયાને બળવત્તર બનાવવાની છે, જે યૂનિસેફની ભલામણોનો એક ભાગ પણ છે. અહીં સર્વ પ્રકારના વિકલાંગોને આવરી લેવામાં આવે છે. આ સંસ્થાનો વરસનો ખર્ચ અંદાજે પાંચ કરોડ રૂપિયા છે. શેર એન્ડ કેર, યુ.એસ.એ. તથા એ.ટી. એન્ડ ટી.ના સહયોગથી, ફેબ્રુઆરી ૨૦૦૨ માં વિકલાંગો માટે ટેક્નોલોજી પાર્કનો પ્રારંભ થયો છે. પી.એન.આર. સોસાયટીને ભારતની શ્રેષ્ઠ કાર્યકારી વિકલાંગ સંસ્થા તરીકે બિરદાવવામાં આવેલ છે.

શ્રી નટુભાઈ કહે છે, ''અત્યારે હું જે રીતે પ્રફુલ્લિત રહીને પ્રવૃત્તિ કરી શકું છું તેના મૂળમાં મારા બાળકોનો સાથ સહકાર અને હૂંફ છે જેને કારણે એકલતા લાગતી નથી. હું ગમે તે સ્થિતિમાં હસી શકું છું અને હસાવી શકું છું." ધંધાદારી ક્ષેત્રે નિવૃત્ત હોવા છતાં, વિમા ક્ષેત્રમાં તેઓ **માનદ્સેવા** આપે છે. હાલમાં તેમને **ઈન્ડિયન મરચન્ટ ચેમ્બર્સમાં ફાઈનાન્સ અને બેન્કિંગ ઈશ્યોરન્સ કમીટિ**માં લેવામાં આવેલ છે. શ્રી નટુભાઈ અત્યારે રોજ સવારે સાડાચાર વાગે ઊઠે છે અને સવારે સાત વાગ્યા સુધી ફરવા જાય છે અને સારા કામમાં નિમિત્ત થતાં, દિવસો આનંદમય પસાર કરે છે. રાત્રે દસ-સાડા દસ સુધીમાં સૂઈ જાય છે. આમ તેમની જિંદગી ખૂબ સરળ છે.

જયાં-જયાં, જે સંસ્થાઓ સાથે શ્રી નટુભાઈ જોડાયેલાં છે ત્યાં તન, મન, ધન, પ્રભુના ચરણોમાં, એ સંસ્થા માટે નિરપેક્ષ ભાવે ઘસાઈ છૂટે છે. આર્થિક રીતે તેઓ સક્ષમ છે. **''તમને જીવન કેવું લાગ્યું ?''** એ પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે, **''અતિ દુર્લભ મનુષ્ય અવતાર મળે, તે પ્રત્યેક જીવનું પરમ સદ્ભાગ્ય છે. આવું અમૂલ્ય જીવન ખોટી રીતે વેડફાઈ ન જાય, તેની ખૂબ ખેવના રાખવી જોઈએ."**

૬૦ વર્ષની પાકટ વયે નટુભાઈએ જીવનનું પરિવર્તન કર્યું છે, જે એક પ્રેરણારૂપ છે. બદલાઈને સતત તેઓ વિકસી રહયાં છે. આ જ તો છે, જીવન પરિવર્તનનું 'સા રે ગ મ પ ધ નિ સા... સા... સા...'

**( શ્રી નટવરભાઈ દેસાઈ, હાલ પી.એન.આર. સોસાયટીના ચેરમેન છે. મુંબઈની ઓફિસનું તમામ કામ વર્ષોથી સક્રિય રીતે સંભાળે છે અને ભાવનગરની પી.એન.આર. તથા સંલગ્તિન સંસ્થાઓની મોટાભાગની આર્થિક જરૂરિયાતો તેઓ મેળવી આપે છે. - તંત્રીશ્રી)**

**PNR Society for Relief and Rehabilitation of the Disabled**

| મુંબઈ ઓફિસનું સરનામું | ભાવનગર ઓફિસનું સરનામું |
| --- | --- |
| 119, Arun Chambers,<br>Tardeo Road,<br>MUMBAI – 400034<br>Tel. : +91- 22 - 23524649<br>Fax : +91 - 22 - 66607770<br>Email : pnr. society<br>mumbai@gmail.com | 51, Vidyanagar,<br>Bhavnagar – 364 002<br>(INDIA)<br>Tel. 0278 - 2420836<br>Fax : 0278 - 2431160<br>Email : info@society.org |

# 'નેશનલ ટ્રસ્ટ ન્યૂ દિલ્હી', સ્થાપના દિવસની ઉજવણી

CELEBRATION OF
**NATIONAL TRUST FOUNDATION DAY**

**30th December 2016**

**Organized by :**

Smt. P.N.R. Shah (Talajawala) Society for Relief and Rehabilitation of the Disabled (PNR SOCIETY)
51, Vidyanagar, Bhavnagar, Gujarat

ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સેરિબ્રલ પાલ્સી મગજના લકવાવાળા બાળકોની શાળા દ્વારા નટરાજ કોલેજ ખાતે તા.૩૦ ડિસે.૧૬ ના રોજ, **'નેશનલ ટ્રસ્ટ સ્થાપના દિવસ'** ની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. આ સમારંભમાં સર્વશ્રી ભગિરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી), શ્રી વિજયભાઈ ચૌહાણ, શ્રી યોગેશભાઈ વેદાણી (કલાસંઘ), શ્રી રાધિકાબેન મુર્ખજી (અમર જયોતિ સરસ્વતિ ઈન્ટરનેશનલ સ્કૂલ), સિલ્વર બેલ્સ સ્કૂલના પ્રતિનિધિઓ, વિવિધ શાળાઓમાં યોજાયેલ ચિત્ર, રમત-ગમત સ્પર્ધાના વિજેતા બાળકો, તેઓના વાલીઓ, વિશિષ્ટ બાળકો અને શિક્ષકો ઉપરાંત, સંસ્થાના ચેરમેન શ્રી નટવરભાઈ દેસાઈ, મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), આસિ. સી.ઈ.ઓ. શ્રી પારસભાઈ શાહ, સહ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ), શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી જીતુભાઈ મહેતા, શ્રી કે.ડી.પડિયા વિગેરે ઉપસ્થિત રહેલ હતાં.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી શિવાંગીબેન મહેતા અને વિકલાંગ બાળકો દ્વારા ગવાયેલ પ્રાર્થનાથી થયેલ હતો. સહ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા શાબ્દિક સ્વાગત તથા દિવ્યાંગો દ્વારા નિર્મિત **મેમેન્ટો** પધારેલા મહાનુભાવોને અર્પણ કરવામાં આવેલ. જયારે ડૉ. અમિત મિત્રા દ્વારા, નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હીની **સ્થાપના અને કાર્યક્ષેત્ર** ની માહિતી આપવામાં આવેલ હતી. સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમાએ પોતાના કી-નોટ ઉદ્‌બોધનમાં, દિવ્યાંગો માટે ખૂબ જ મહત્વની **"લીગલ ગાર્ડિયનશીપ"** ની સવિસ્તર સમજણ આપી હતી.

વિવિધ શાળાઓમાં યોજાયેલ રમત-ગમત અને ચિત્ર અને સ્પર્ધાના વિજેતાઓને કલાસંઘના ઉપક્રમે પધારેલ મહાનુભાવો દ્વારા ઈનામ, મેમેન્ટોનું વિતરણ કરવામાં આવેલ હતું. બાળકોના આ પ્રયત્નને હાજર સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ખેવનાબેન ઓઝા તથા આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ હતી.

# નટરાજ સી.પી. સ્કૂલમાં પ્રજાસત્તાકદિન ઉજવણી

નટરાજ મગજના લકવાવાળા બાળકોની શાળા, નટરાજ કોલેજ કેમ્પસમાં તા.૨૬ જાન્યુ.૧૭ ના રોજ 'પ્રજાસત્તાકદિન' ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરવામાં આવેલ હતી. વિશિષ્ટ બાળકો, વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો, કર્મચારીઓ અને ટ્રસ્ટીગણની ઉપસ્થિતમાં ચેરમેન શ્રી નટવરભાઈ દેસાઈના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતું. જેમાં પરેડનું સંચાલન શ્રી લાલજીભાઈ પંડયા દ્વારા અને કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે દિવ્યાંગોની રમત-ગમતની સ્પર્ધાઓ યોજી વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો ટ્રસ્ટીગણ દ્વારા વિતરિત કરાયાં



હતાં. આ પ્રસંગે કે.કે.બ્લાઈન્ડ સ્કૂલના સી.ઈ.ઓ. શ્રી લાભુભાઈ સોનાણીને **"ડૉ.નિલંકઠરાય છત્રપતિ એવોર્ડ"** તથા શ્રીમતી નીલાબેન સોનાણીને **"પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા એવોર્ડ"** પ્રાપ્ત થતાં પ્રજ્ઞાચક્ષુ દંપતિનું અભિવાદન, શ્રી નટવરભાઈ દેસાઈ, શ્રી બાબાભાઈ અને ટ્રસ્ટીગણ દ્વારા પુષ્પગુચ્છ, શાલ અને સન્માનપત્ર તથા વિશિષ્ટ બાળકો દ્વારા સર્જીત મેમેન્ટો અર્પણ કરવામાં આવેલ હતું. હાજર સૌ કોઈએ તાળીઓના ગડગડાટથી આનંદ વ્યકત કરેલ હતો.

પ્રિન્સીપાલ શ્રી જીજ્ઞાબેન શાહે પ્રસંગોચિત્ત વકતવ્ય આપેલ હતું. અભિવાદન સમારોહનું સંચાલન શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતું.

# અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક મંડળની રચના અને હોદ્દેદારોની વરણી






બધિર દિવ્યાંગોના ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના ખાસ પ્રશ્નો, સરકારશ્રી સાથેની બાબતો, શૈક્ષણિક અભ્યાસક્રમ તથા ગુજરાતની તમામ શાળાઓ બાબતે એક સરખી ભાત ઊભી થાય તેવી જરૂરિયાતને ધ્યાનમાં લઈ **"અખિલ ગુજરાત બધિર શાળા સંચાલક સંઘ"** ની રચના કરવાનું આયોજન અને બેઠકો યોજાયેલ હતી. જેનું નેતૃત્વ, નડિયાદની કે. બ્રહ્મભટ્ટ બધિર શાળાના પ્રમુખ શ્રી જે.સી. પટેલે હાથમાં લીધું હતું. જેમાં સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ સક્રિય રસ લીધો હતો. તેમાં ગુજરાતની ૨૮ થી વધુ શાળાના સંચાલકોએ, **એક સુત્રે** બંધાવાનું નકકી કરતાં, હિંમતનગર ખાતે **મંડળનું બંધારણ** રજૂ કરવામાં આવ્યું, જે સર્વાનુમતે મંજૂર રાખવામાં આવ્યું અને હોદ્દેદારોની વરણી થઈ. જેમાં શાળા સંચાલક મંડળ વતી શ્રી જે.સી. પટેલની પ્રમુખપદે, શ્રી અશ્વિનભાઈ પંડયાની ઉપપ્રમુખપદે વરણી થયેલ. આગામી દિવસોમાં ખાતા, વિભાગ, મંત્રીશ્રી લેવલે તથા જરૂર પડે તો મુખ્યમંત્રીશ્રી લેવલે, સંચાલકીય-**નિતિ વિષયક બાબત ઉપર**, મંડળના હોદ્દેદારો રજૂઆત કરશે, તેમ નકકી કરાયું.

# ગુજરાત સરકારનું દિવ્યાંગો પ્રત્યનું હકારાત્મક વલણ

તાજેતરમાં ગુજરાત રાજયમાં **બધિર દિવ્યાંગોના** ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના સંચાલકો સાથે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી આત્મારામભાઈ પરમારે ગાંધીનગર ખાતે, મીટિંગ કરી હતી. જેમાં વિભાગના સચિવશ્રી દાયાણી સાહેબ તથા નિયામકશ્રી ઠાકર સાહેબ અને તેમના અધિકારીઓએ **સંસ્થાના પ્રશ્નો** વિશે પ્રેઝન્ટેશન કર્યું હતું.

મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ, સંચાલક સંઘ અને સંસ્થા વતી વિવિધ પ્રશ્નો બાબતે ઝીણવટભર્યું અવલોકન રજૂ કરેલ. મંત્રીશ્રી આત્મારામભાઈ પરમારે બધાજ પ્રશ્નોને સમજી અને તેનો ઝડપથી ઉકેલ લાવવા પોતાના અધિકારીઓને સૂચનો આપેલ.

# વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી




પી.એન.આર. સોસાયટી સંલગ્તિન સંસ્થા, શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા, 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા તથા 'નટરાજ' સી.પી. બાળકોની શાળા દ્વારા, ૩જી ડિસેમ્બરે **વિશ્વ વિકલાંગ દિન** નિમિત્તે, **સાંસ્કૃતિક કાર્યક્રમ** અને **આનંદ મેળા**નું આયોજન થયેલ. કાર્યક્રમમાં શેઠશ્રી રતનજી એન્ડ જીવનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ નં.ર, મુંબઈના ટ્રસ્ટીશ્રી વિનુભાઈ મોદી, સર.ટી. હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ શ્રી સિંહા સાહેબ, ઈ.એન.ટી., એચ.ઓ.ડી. ડૉ. ઝા સાહેબ, તેમજ શ્રી સહજાનંદ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ, પ. બ. બળવંત ગણપૂળે મહિલા મંડળના પ્રમુખશ્રી પન્નાબહેન મહેતા ઉપસ્થિત રહયાં હતાં. બધાંજ દિવ્યાંગ બાળકો તથા દરેક સંસ્થાના કર્મચારીઓ, ટ્રસ્ટીઓ, આચાર્યશ્રીઓ દ્વારા આ કાર્યક્રમને માણવામાં તથા બિરદાવવામાં આવ્યો હતો.

# અમેરિકાથી સેવાર્થે આવતાં ડૉક્ટરોના ફ્રિ કેમ્પના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ



ભાવનગરની પી. એન. આર. હૉસ્પિટલ તથા ૐ શ્રી રામમંત્ર મંદિર ટ્રસ્ટ મેડિકલ સેન્ટરના સંયુકત ઉપક્રમે, અમેરિકા સ્થિત ડૉક્ટરો, ડૉ. અજીતભાઈ પારેખ (ફેફસાના નિષ્ણાંત, યુ.એસ.એ.), ડૉ. મોતિલાલ ભાટિયા (એમ.ડી. ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ, યુ.એસ.એ.) તથા દાતાશ્રી સ્વ. લલિતાબેન પુનમચંદ શાહના સહયોગથી, **ફેફસા અને પેટના રોગોનો એક ત્રિદિવસીય ફ્રિ કેમ્પ** તા. ૧,૨,૩ ફેબ્રુ. ના રોજ રાખવામાં આવેલ. જેનું ઉદ્‌ઘાટન, દિપ પ્રાકટ્ય દ્વારા ઉપસ્થિત મહાનુભાવો, ટ્રસ્ટીગણ, દ્વારા કરવામાં આવેલ. આ કેમ્પમાં ૨૦૦ ઉપરાંત દર્દીઓએ નોંધણી કરાવેલ છે. તેમના તપાસ નિદાન કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ હતું.

# દાતાશ્રીનો ઉદાર પ્રતિભાવ





નવા બંધાયેલાં **શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય** માં, રૂમના દાતા શ્રી કિશોરભાઈ અજમેરા, પોતાના અંગત કારણોસર ઉદ્‌ઘાટન સમારંભમાં હાજર ન રહી શકયાં, તેથી ઉદ્‌ઘાટનના બે દિવસ બાદ સપરિવાર અને સગા-સંબંધી સાથે, **નવા છાત્રાલય**ની મુલાકાતે આવ્યાં હતાં. છાત્રાલય અને શાળા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ જોઈ, શ્રી કિશોરભાઈ અભિભૂત થયાં હતાં અને સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા અને ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહ તેઓની સાથે મુલાકાતમાં જોડાયાં હતાં. સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને શ્રી કિશોરભાઈએ પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહને, આ સંસ્થાની કોઈપણ અને **ગમે તેવી મોટી પ્રવૃત્તિઓ માટે, ભવિષ્યમાં સહાયરૂપ થવા કટિબધ્ધતા દર્શાવી હતી.** આપનો ખૂબ-ખૂબ આભાર શ્રી કિશોરભાઈ.

લાઈબ્રેરી કોર્નર

# દ્રષ્ટિહીન દિવ્યાંગોને વિજ્ઞાનની ભેટ
# દિવ્ય નયન યંત્ર



**સંકલન : ચેતનાબેન મુલાણી**

તાજેતરમાં સી. એસ. આઈ. આર. ની ચંડીગઢ ખાતેની પ્રયોગશાળાએ નવા વર્ષમાં દ્રષ્ટિહીન દિવ્યાંગોને **"દિવ્ય નયન યંત્ર"**, દ્રષ્ટિહીન કોઈની મદદ વિના ફટાફટ વાંચી શકે તેવું આધુનિક યંત્ર તૈયાર કરેલ છે. ઓછી કિંમતના આ મશીનમાં હિન્દી કે અંગ્રેજી સ્ક્રીપ્ટ વાંચી, મશીન મોટા અવાજે બોલી શકે છે. દ્રષ્ટિહીનો તેને સાંભળી શકે છે. તેમાં દિવ્યનયન વાયરલેસ પોર્ટેબલ ડિવાઈસ છે, સી.એસ.આઈ.આર.ના વૈજ્ઞાનિક ડૉ. આશિષ ગૌરવનું આ મશીન, વાઈફાઈ અને બ્લૂટૂથ ઈન્ટરનેટ કનેકિટવિટીથી સજ્જ છે.૩૨ જીબીની સ્ટોરેજ ક્ષમતા છે, ૪૧૦ ગ્રામ વજન છે. બહુ જલ્દીથી તેને અન્ય ભારતીય અને વિદેશ ભાષાઓમાં પણ આ મશીન વિકસાવી શકાશે.

# શ્રીમતી જ્યોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના

પી.એન.આર. સોસાયટી ભાવનગર દ્વારા, **શ્રીમતી જ્યોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના** તા. ૧-૪-૨૦૧૬ ના રોજથી શરૂ કરવામાં આવી છે. આ યોજના દ્વારા ભાવનગર જિલ્લામાં રહેતી વિકલાંગ મહિલાઓ, તેમની દયનીય સ્થિતિમાંથી બહાર આવે અને **આર્થિક રીતે સ્વનિર્ભર બને**, સ્વમાનપૂર્વક જિવન જિવે, જિવનમાં પોતે-પોતાનું તથા કુટુંબનું ભરણપોષણ કરવામાં મદદરૂપ બને તેવો ધ્યેય છે. વિકલાંગ બહેનોને જરૂરી તાલીમ, મદદ, માર્ગદર્શનની આ યોજના ભાવનગર જિલ્લાના કુલ **૮૨૫ ગ્રામ્ય** વિસ્તારો સહિત, નાનાં-મોટાં ૧૩ શહેરોને આવરી લેવામાં આવશે, જેમાં અંદાજે **૧૦,૦૦૦ વિકલાંગ બહેનો** વસવાટ કરે છે. જેમાં ચાલું વર્ષે **૫૦** લક્ષ્યાંક નકકી કરી, કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ સમગ્ર યોજનાના પ્રચાર-પ્રસાર અને રૂબરૂ મુલાકાત અને કાઉન્સેલિંગ દ્વારા જિલ્લાની વિકલાંગ બહેનો સુધી પહોંચવામાં આવેલ છે. જે બહેનોએ અગાઉ ટ્રેનિંગ મેળવેલ હતી, તેવા **૧૦ બહેનોને સિલાઈ મશીન** આપવામાં આવ્યાં છે. ૧ બહેનને **બ્યુટી પાર્લરની કીટ** આપવામાં આવી છે. હાલના તબકકે નટરાજ કોલેજ ખાતે **સિવણ/બ્યુટી પાર્લરની ટ્રેનિંગ સેન્ટર** શરૂ કરવામાં આવ્યું છે, જેમાં ૨૦ બહેનો તથા બે બહેનો, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક ખાતે, કોમ્પ્યુટરની ટ્રેનિંગ લઈ રહયાં છે. આ યોજના, **ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન યુ.એસ.એ.** ના આર્થિક સહયોગથી શરૂ કરવામાં આવી છે. આજ સુધીમાં કુલ ૧૦૦ અરજી ફોર્મ આવેલા છે. ભાવનગર જિલ્લામાં વસતા વિકલાંગ બહેનોને જો વ્યવસાય, તાલીમ, સાધન-સહાય વિશે અરજી કરવી હોય તો, તેમણે નટરાજ કોલેજ, ભાવનગર ફોર્મ ભરી જવું.




# નેત્ર-નિદાનના વિવિધ કેમ્પ

- આ માસ દરમ્યાન બે નેત્ર-નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં તા. ૧૫-૧૦ ના રોજ મંગલ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી "મંગળાબા સત્સંગ હોલ" આનંદનગર ખાતે, **વિનામૂલ્યે નેત્ર-નિદાન કેમ્પ** યોજવામાં આવેલ. આ કેમ્પમાં પી.એન.આર. હોસ્પિટલના આંખના નિષ્ણાંત ડૉ. શ્રી કેતુલ પરીખ ૧૧૦ દર્દીઓની આંખની તપાસ કરી, સારવાર આપી હતી તથા મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા ૧૦ દર્દીઓને મોતિયાનું ઓપરેશન કરાવવા માટે ભલામણ કરી હતી. ઓપરેશન માટે પસંદ થયેલ દર્દીઓને પી.એન.આર. હોસ્પિટલ ખાતે નેત્રમણી મુકીને, મોતિયાનું ઓપરેશન કરી આપેલ. આ કેમ્પમાં પી.એન.આર. સોસાયટીના મંત્રી શ્રી અનંતભાઈ શાહ (બાબાભાઈ), શ્રી પારસભાઈ શાહ, તથા શ્રી મહાસુખભાઈ જકિડયા ઉપસ્થિત રહીને કેમ્પ કામગીરી નીહાળી અને ટીમને પ્રોત્સાહિત કરેલ.
- ચાલુ માસથી ભાવનગરની સામાજિક સંસ્થા શ્રી સત્ય સાંઈ સેવા સમિતિ દ્વારા, પી.એન.આર. સોસાયટીના સહયોગથી દર માસના પહેલા અને ત્રીજા રવિવારના રોજ "શિવ શકિત હોલ" ક્રેસેંટ, ભાવનગર ખાતે, દર્દીનારાયણના **ફ્રી નેત્ર-નિદાન કેમ્પ** યોજવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત તા. ૧૬-૧૦ ના રોજ કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં આંખના નિષ્ણાંત ડૉ. શ્રી પ્રતિક ઘીવાળાએ દર્દીઓની તપાસ કરી સારવાર આપી હતી તથા દર્દીઓને પી.એન.આર. હોસ્પિટલ ખાતે, નેત્ર મણી મુકીને વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન કરી આપેલ.
- તા.૨૪-૧૧ ગુરુવારના રોજ પાલીતાણા તાલુકાના **સાંજણાસર ગામ**માં આવેલ, "શ્રી ચામુંડાધામ" (ડોળી) ના તથા જીવન જયોત હોસ્પિટલ, ઠાડચના ડૉ. તુષાર રાજયગુરુના સહયોગથી, ફ્રી નેત્ર-નિદાન કેમ્પ યોજાયેલ. આ કેમ્પ સાંજણાસર તથા માંડવડા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના ૧૧૦ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં આંખના નિષ્ણાંત ડૉ. પી.પી. ભટ્ટે દર્દીઓને તપાસીને સારવાર આપેલ તથા મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા ૭ દર્દીઓને પી.એન.આર. હોસ્પિટલ ખાતે, ડૉ. નીરજ જાનીએ **નેત્રમણી** મુકીને **વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન** કરી આપેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન



પી.એન.આર.સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ અંતર્ગત, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન, **રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ**, નીચે ડિસે.-જાન્યુ.૧૬-૧૭ દરમ્યાન પાલિતાણા, બોટાદ, ગઢડા, વલ્ભીપુર તાલુકાના તથા બોટાદ જિલ્લાની સામાજિક સંસ્થાઓ, ભાવનગર. આઈ.સી.ડી.એસ. તળાજા વગેરેનો ખૂબ સહકાર મળ્યો હતો. ગામડાઓમાં **૨૧** સ્કૂલ તથા કોમ્યુનિટીમાં મળીને કુલ **૩૫૮૦** ને, **રૂબેલાની અવરનેસ** આપવામાં આવેલ છે. તેમાં **૨૪૪૧** ને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ છે.

### ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ

ડિસે.-જાન્યુ.-૧૬-૧૭માં ડેફનેશ- બ્લાઈન્ડનેશ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, ગારિયાધાર, પાલિતાણા, બોટાદ, તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત PNR સોસાયટી પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ દ્વારા, એસ.એન.ટી.ડી. મહિલા કોલેજ, તેમજ દોલત અનંત વળીયા હાઈસ્કૂલ દ્વારા **એન.એસ.એસ. કેમ્પ**નું આયોજન, પાલિતાણાનાં **માયધાર** તેમજ શિહોર તાલુકાનાં, **સખવદર** ગામે કરવામાં આવ્યું હતં. જેમાં કુલ ૪૦૨૩૫ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૯૬૩ બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય તેને, **વિનામૂલ્યે ચશ્માં વિતરણ** કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, **બે** ઈ.એન.ટી કેમ્પનું આયોજન બોટાદ તથા ગઢડામાં કરવામાં આવ્યું. જેમાં ૧૩૯ બાળકો આવ્યાં હતાં. તેમાંથી ૦૭ બાળકોને, કાનના પડદામાં કાણાંના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ

ડિસે.-જાન્યુ.-૧૬-૧૭ એક **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૮ બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ ૨૩ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૯ કપાયેલા હોઠના, ૪ તાળવામાં કાણાંના** ૫ હાઈપોસ્પીડીયા, તેમજ **૫** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર, પીગમેન્ટેશન,ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટીક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.


### મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ

ડિસે.-જાન્યુ.-૧૬-૧૭ દરમ્યાન પી.એન.આર.હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બે મહિનામાં શ્રી સત્યસાંઈ સેવા સમિતી, ભાવનગર, તેમજ જીવન જયોત હોસ્પિટલ ઠાડચ દ્વારા, પાલિતાણાનાં સાંજણાસર ગામ, તેમજ માયધાર, લોક કલ્યાણ શાળામાં **નેત્ર નિદાન કેમ્પો** નું આયોજન કરવામાં આવ્યું જેમા **૩૪૫** ની ઓ.પી.ડી. કરવામાં આવી ભાવનગર ઉત્તરનાં ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણીનાં પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે, કુંભારવાડાની પ્રાથમિક શાળામાં જરૂરિયાતમંદ લોકો માટે **બેતાળા ચશ્માં વિતરણનો કેમ્પ** યોજવામાં આવ્યો હતો. જેમાં **૨૮૫** લાભાર્થીઓને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપા વગેરે વિતરણ કરેલ હતું. ૮૮ લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૫૯** લાભાર્થીને **રાહત દરે ફોલ્ડેબલ લેન્સ** બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૨૪** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### 'વિશ્વ વિકલાંગ દિવસ' ની ઉજવણી

તા. ૩-૧૨-૧૬ ના રોજ પી.એન.આર. સોસાયટી અંતર્ગત તમામ સંલગ્નિત શાળાઓનો, બહેરાં-મૂંગા શાળા ખાતે યોજાયેલ **'ફનફેર'** માં શાળાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો. જેમાં અલગ-અલગ સ્ટોલ કરવામાં આવ્યાં જેમકે, વોકેશનલ સ્ટોલ, ખાણીપીણી સ્ટોલ, રમતગમત સ્ટોલનું આયોજન કરેલ. સાથે-સાથે મહાવિર ઓડિટોરિયમમાં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ક્રમશઃ **શેડો ડાન્સ** અને **કોમેડી સૉંગ** કૃતિ રજૂ કરવામાં આવી.

### પ્રાર્થના સભા

તા. ૮-૧૨-૧૬ ના રોજ માનનીય ટ્રસ્ટી શ્રી અનંતભાઈ રાવળના ધર્મપત્નીની પ્રાર્થનાસભા, નટરાજ ઓડિટોરિયમ ખાતે રાખવામાં આવેલ. જેમાં તમામ સંસ્થાના કર્મચારીઓ અને માનનીય ટ્રસ્ટીગણ તથા શ્રી અનંતભાઈ રાવળનો સમગ્ર પરિવાર ઉપસ્થિત રહયો હતો તથા તેમના દ્વારા, બાળકો માટે ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

### જન્મદિવસની ઉજવણી

તા.૨૧-૧૨-૧૬ ના રોજ શાળાના વિદ્યાર્થીઓના **જન્મદિવસ** ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. જેમાં શાળાના આચાર્યશ્રી જિજ્ઞાબેન શાહના હસ્તે બાળકોને શુભેચ્છા તથા ગિફ્ટ વિતરણ કરવામાં આવેલ. સાથે શાળાના વિદ્યાર્થી ચિ. જીમીતના વાલી તરફથી બધાં બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### લિટલ એંજલ પ્લે હાઉસ

તા.૨૪-૧૨-૧૬ના રોજ **લિટલ એંજલ પ્લે હાઉસ**માં, ૧૫ બાળકો અને ૩ સ્ટાફ દ્વારા **ક્રિસમસની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો સાંતાકલોઝ બની, પ્લે હાઉસના બાળકોને ચોકલેટ તથા ગિફ્ટ વિતરણ કર્યું હતું.

### ચિત્ર સ્પર્ધા

તા.૨૫-૧૨-૧૬ ને રવિવારના રોજ **કલાસંઘ, ભાવનગર** દ્વારા, **તત્કાલ ચિત્ર સ્પર્ધા** નું શાંતિલાલ શાહ હાઈસ્કૂલ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ, જેમાં જાડા મેહુલ પ્રથમ ક્રમાંક, અને મહેતા આશુતોષે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ, જેમાં શાળાના શિક્ષક શ્રી તૃપ્તિબેન મહેતા તથા શ્રી કાર્તિકભાઈ વ્યાસે બાળકોને માર્ગદર્શન પુરું પાડેલ.

### ધીરૂભાઈ અંબાણીના જન્મદિવસની ઉજવણી

તા. ૨૮-૧૨ના રોજ **સ્વ. શ્રી ધીરૂભાઈ અંબાણીના જન્મદિવસની ઉજવણી** માટે, હિમાલયા મોલના રિલાઈન્સ ટ્રેન્ડ, **રિલાયન્સ મોલ**ના સ્ટાફ તરફથી બાળકોને નાસ્તો, તેમજ ગિફ્ટ આપવામાં આવેલ. તેમજ સંસ્થાના અનાથ બાળકો, અક્ષય અને વિનય દ્વારા કેક કાપી, બાળકોને વિતરણ કરવામાં આવી હતી.

### અનાવરણ કાર્યક્રમ

તા. ૮-૧ ના રોજ નટરાજ પટાંગણમાં, માનનીય શુભચિંતકો તથા દાતાશ્રીઓના હસ્તે, **બાળવાટિકા, નટરાજ બિલ્ડિંગ લિફ્ટ, રીચિંગ ટૂ અનરીચ કોપર્સ ફંડ, ફિઝીયોથેરાપી મેંન્ટેનન્સ કોપર્સ ફંડ**, વિગેરેનું અનાવરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે-સાથે શાળાના વિશિષ્ટ સિધ્ધિ પામેલ વિદ્યાર્થીઓ, કર્મચારીઓને **એવોર્ડથી સન્માનવામાં** આવ્યાં હતાં. મહેમાનો માટે ખાસ **સાંસ્કૃતિક કાર્યક્રમ**નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના ભૂલકાઓ દ્વારા પ્રાર્થના, યોગા, રેકોર્ડ ડાન્સ જેવી કૃતિઓ રજૂ કરી, બધાના મન જીતી લીધા હતાં.

### ઉત્તરાયણની ઉજવણી

તા.૧૩-૧ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલના પ્રાંગણમાં, **ઉત્તરાયણની ઉજવણી** કરવામાં આવી. જેમાં **વોડાફોન કંપની**ના કર્મચારીઓ તથા **રિલાયન્સ મોલ**ના કર્મચારીઓ દ્વારા, શાળાના બાળકો માટે ખાસ પતંગ, ફુગ્ગા તથા વિવિધ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકોએ ખુબજ આનંદપૂર્વક પતંગની ઉડાડવાની મજા માણી હતી.

### દિવ્યાંગ પતંગ મહોત્સવ


તા.૧૫-૧ ના રોજ રાજકોટ ખાતે, **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં યોજાયેલ **'દિવ્યાંગ પતંગ મહોત્સવ'** માં, શાળાના ૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ કાર્યક્રમમાં શાળાના મદદનિશ શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસે તથા શ્રી વરૂણભાઈ વ્યાસે જહેમત ઉઠાવેલ.





# સંક્ષિપ્ત સમાચાર

ડૉ. કિરીટભાઈ વ્યાસ



## નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કૉલેજ

### ઈગ્નૂ ટર્મ એન્ડ પરીક્ષા (થીઅરી) ડિસે.- ૧૬

નટરાજ કોલેજ ખાતેના ઈગ્નૂ સ્પેશ્યલ સ્ટડી સેન્ટરમાં, ટર્મ એન્ડ પરીક્ષા (થિઅરી) ડિસેમ્બર - ૨૦૧૬ દરમ્યાન તા.૧/૧૨/૧૬ થી તા.૨૯/૧૨/૧૬ દરમ્યાન સફળતાપૂર્વક લેવામાં આવેલ હતી ઈગ્નૂ, નવી દિલ્હી દ્વારા આ સેન્ટરમાં કુલ **૮૮૩** જેટલાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રોગ્રામ અને વિવિધ કોર્સિઝમાં પરીક્ષા માટે ફાળવવામાં આવેલ હતાં. જેમાંથી કુલ **૭૬૩** વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી હતી. ઈગ્નૂના રાજકોટ ખાતેના રિજિયોનલ સેન્ટર તરફથી, રિજિયોનલ ડાયરેક્ટ્ર ડૉ.રૂપલબેન કુબાવતે આ સેન્ટરની પરીક્ષાની કામગીરીથી સંતોષ વ્યકત કરી, પી.એન.આર. સોસાયટી તથા સેન્ટરના કો-ઓર્ડિનેટરને અભિનંદન પાઠવેલ હતાં.

### ઈગ્નૂ - પ્રેક્ટિકલ પરીક્ષા જાન્યુઆરી-૨૦૧૭

નટરાજ કોલેજ ખાતેના ઈગ્નૂ સ્પેશ્યલ સ્ટડી સેન્ટરમાં બી.સી.એ./એમ.સી.એ.ની કોમ્પ્યુટર પ્રેક્ટિકલ પરીક્ષા તા.૧૧/૧/૧૭ થી તા.૨૯/૧/૧૭ દરમ્યાન યોજાનાર છે. જેમાં અંદાજે કુલ ૧૨૮ જેટલાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.


### સ્પે. બી.એડ્ અભ્યાસક્રમો

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના સ્પે.બી.એડ્ અભ્યાસક્રમો (એચ.આઈ.), (વી.આઈ.) અને (એમ.આર.) નો દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે, **કોન્ટેક્ટ પ્રોગ્રામ્સ** નવેમ્બર ૧૩-૧૭, ૨૦૧૬ દરમ્યાન યોજવામાં આવેલ હતાં. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. ના સ્પે.બી.એડ્ અભ્યાસક્રમો (એચ.આઈ.), (વી.આઈ.) અને (એમ.આર.) ની પરીક્ષા ડિસેમ્બર-જાન્યુઆરી ૨૦૧૬-૧૭માં વળીયા આર્ટસ કોલેજમાં લેવામાં આવી હતી. આ સંપર્ક કાર્યક્રમો સફળ બનાવવા માટે, ચીફ કો-ઓર્ડિનેટર ડૉ. કિરીટભાઈ વ્યાસ, આસિ. કુ.વર્ષા ચાવડા, (એચ.આઈ.) કો-ઓર્ડિનેટર શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ, (વી.આઈ.) કો-ઓર્ડિનેટર શ્રી કલ્પનાબેન ભટ્ટ અને (એમ.આર.) કો-ઓર્ડિનેટર શ્રી રેશ્માબેન શાહે સખત જહેમત ઉઠાવેલ હતી.



# સંક્ષિપ્ત સમાચાર

મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

### પી.એન.આર. હોસ્પિટલમાં પોલિયોના દર્દીઓને ઓપરેશન અને સારવાર આવક, મર્યાદા વગર વિનામૂલ્યે

સમાજ કલ્યાણ વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૬ મુજબના ઠરાવ મુજબ, **આવક મર્યાદા નાબૂદ** કરેલ છે, જેથી પોલિયો ગ્રસ્ત બાળકોને, પોલિયોના મફત ઓપરેશન અને સારવાર મળી રહે તે હેતુથી વિકલાંગ ધારામાં જોગવાઈ કરવામાં આવેલ છે, તો પોલિયોગ્રસ્ત દર્દીઓને, **વિનામૂલ્યે ઓપરેશન અને સારવાર** પી. એન.આર. હોસ્પિટલ, અંધશાળા કેમ્પસ, કમિશ્નરના બંગલાની સામે, ભાવનગર ખાતે કરી આપવામાં આવશે. તો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. **સંપર્ક : ૦૨૭૮-૨૪૩૧૧૫૦**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|
| **નવેમ્મ્બર-૧૬ અને ડિસેમ્બર-૧૬ દરમ્યાન નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે** | | |
| ઓર્થોપેડિક | ૩૧૭ | ૨૦ (૬ પોલિયો) |
| આંખ | ૭૨૫ | ૧૮૪ |
| છારી કાઢેલ | - | ૧૭ |
| ઈ.એન.ટી. | ૫૫૩ | ૧૯ |
| ઓર્થોસ્કોપી | ૫૨ | ૩ |
| પ્લાસ્ટિક સર્જરી | ૧૨૩ | ૨૦ |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૫ | ૨ |
| ડેન્ટલ | ૨૭૪ | ૧૦૨ |
| જનરલ ઓપીડી | ૧૨૭૭ | - |
| હોમિયોપેથી | ૨૦૧ | - |
| એક્ષ-રે | ૨૦૫ | - |
| લેબોરેટરી | ૬૧૪ (દર્દી) | ૧૭૦૦ (ટેસ્ટ) |
| ત્રાંસી આંખ | ૩૫ | ૧૪ |



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### ''સફળતાનું રહસ્ય'' પુસ્તિકાનું વિમોચન અને સફળ તાલીમાર્થીઓને એવોર્ડ વિતરણ કાર્યક્રમ



પી.એન.આર. સોસાયટી સંચાલિત, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, સન ૨૦૦૦થી તમામ પ્રકારના વિકલાંગ ભાઈ-બહેનોને કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે. ત્યાર સુધીમાં સમગ્ર ગુજરાતમાંથી કોમ્પ્યુટરના વિવિધ કોર્સમાં કુલ ૨૨૬૮ એનરોલમેન્ટ થયા છે.

અહીં તાલીમ મેળવીને સ્વનિર્ભર બનવામાં સફળ થયેલા વિકલાંગ ભાઈ-બહેનોના અભિપ્રાય અને સકસેસ સ્ટોરીઓની પુસ્તિકા **''સફળતાનું રહસ્ય''**ની બીજી આવૃતિ સંકલન-સંપાદન એડમિનિસ્ટ્રેટીવ શ્રી કૌશિકભાઈ પરમારે તથા શ્રી કે.ડી. પડિયા દ્વારા અંગ્રેજી રૂપાંતર કરેલ આ પુસ્તિકાનો **વિમોચન કાર્યક્રમ** તા. ૭.૧.૨૦૧૭ના રોજ, નટરાજ ઓડિટોરીયમ ખાતે યોજવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત રહેલાં યુ.એસ.એ.ના શ્રી પ્રફુલભાઈ શાહ, શ્રીમતિ રેણુબેન શાહ, શ્રી જયંતભાઈ રાજયગુરુ, શ્રી સંજયભાઈ ગાંધી, શ્રી સુભાષભાઈ વોરા વિગેરે તથા સંસ્થાના ચેરમેનશ્રી નટવરભાઈ દેસાઈ, મંત્રીશ્રી અનંતભાઈ કે. શાહ, ટ્રસ્ટીશ્રી અનંતભાઈ એ. શાહ અને શ્રી નરેન્દ્રભાઈ શાહના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

સફળ વિકલાંગ તાલીમાર્થીઓ સર્વ શ્રી શેખ નસીમ એમ., શ્રી લાડુમોર સતિષ બી., શ્રી ચૌહાણ દયા બી., શ્રી ગણાવા રાકેશ એચ., શ્રી બાંભવા જાના જી., શ્રી ગોહિલ સહદેવસિંહ એસ., શ્રી ઓઝા હિતેષ એમ. શ્રી ધોળકિયા મીરલ જે., શ્રી ખિલોસીયા જીગર પી., શ્રી ધાંધલ્યા ગૌતમ એમ., શ્રી ભાલ હિતેષ પી., શ્રી સલોત જીગર વી. વિગેરેને **એવોર્ડ તથા કેશપ્રાઈઝ** મહાનુભાવોના વરદ્ હસ્તે અર્પણ કરી, પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

કાર્યક્રમમાં ભૂતપૂર્વ ફેકલ્ટી મેમ્બર શ્રી દિપ્તીબેન ત્રિવેદી, શ્રી રચનાબેન, શ્રી મહીમ્નભાઈ પંડયા તથા ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનો આરંભ દીપ



પ્રાગટયથી થયો. સંસ્થાના સહમંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા શાબ્દિક સ્વાગત બાદ, એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક વિષેની માહિતી, **પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન**થી કૌશિકભાઈ પરમારે આપી હતી. કાર્યક્રમમાં શ્રી પ્રફુલભાઈ શાહ, જયંતભાઈ રાજયગુરુ, શ્રી નટવરભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા અને મંત્રીશ્રી અનંતભાઈ કે. શાહે તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રવણમંદો માટે, ઈન્ટરપ્રીટેશન શ્રી કવિતાબેન શાહ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી જયેશભાઈ ધંધુકિયા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સુકેતુભાઈ શાહ, શ્રી ચેતનાબેન મુલાણી, શ્રી નમ્રતાબેન મકવાણા, શ્રી કેતનભાઈ રુપેરા અને શ્રી લાલજીભાઈ પંડયાનો સંપૂર્ણ સહકાર સાંપડયો હતો.

### .......... સુધારો ..........

**'કોશિશ થી કામયાબી'** ના ડિસેમ્બર ૨૦૧૬ ના અંકના પેઈઝ નં.૧૧ પર, શરત ચૂકથી ડૉ. મોહનભાઈ પટેલના નામની આગળ **'પૂર્વ મેયર'** છપાયેલ, તેના બદલે **'પૂર્વ શેરીફ'** વાંચવા વિનંતી છે. આ ધ્યાન દોરવા બદલ શ્રી વસંતરાય એમ. ગાંધી (ન્યુયોર્ક ગોલ્ડ કાં.) નો આભાર.

**- તંત્રીશ્રી**



# સંક્ષિપ્ત સમાચાર

લીલાબેન ચૌહાણ
વૈશાલીબેન યોગી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### બાળકોના રમકડાંઘરમાં સાન્તાકલોઝ

શાળાની ટોય્ઝ લાયબ્રેરીમાં બાળકોના લાડિલા **સાન્તા કલોઝ**, તેના થેલામાં ગિફ્ટ અને ચોકલેટ ભરીને તા.૩૧-૧૨ ના રોજ, ભૂલકાંઓ સાથે ડી.જે. ડાન્સ અને ધમાચકડી કરવા આવ્યાં હતાં. ફુગ્ગા અને ક્રિસમસટ્રીથી શણગારેલા **રમકડાં ઘર**ની આ ઉજવણીમાં આવવા બાળકો અને વડીલોને, લાયબ્રેરીના બંને ગ્રંથપાલ ચેતનાબેન મુલાણી અને શ્રધ્ધાબેન મારુએ અગાઉથી આમંત્રણ આપેલ. ચોકલેટની લિજ્જત સાથેની ઝિંગલબેલની ધૂન પર મન મૂકીને નાનાં-નાનાં ભૂલકાઓએ શાળાને ડિસ્કોથેક બનાવી દીધું હતું.

### ૩૧ ડિસેમ્બરની ઉજવણી



તા. ૩૧-૧૨ વર્ષનો **અંતિમ દિવસ**. આ દિવસની ઉજવણી શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના બાળકોના છાત્રાલયમાં, દાતાશ્રી પીયૂષભાઈ અને તેમના સાથી મિત્રોના સહયોગથી રંગારંગ બનેલ. બાળકોએ એકબીજાને કેક ખવડાવી, **ડી.જે. ડાન્સ**નો આનંદ માણેલ. તેમજ **સાંસ્કૃતિક કાર્યક્રમ** પ્રસ્તુત કરેલ. છાત્રાલયના ગૃહમાતા દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

### પતંગ મહોત્સવ

તા. ૧૪ જાન્યુઆરી એટલે **પતંગોત્સવનો તહેવાર ઉત્તરાયણ**, શ્રી ખી.લ. બહેરાં મૂંગા છાત્રાલયના બાળકોએ નટરાજ કેમ્પસ, કાળિયાબીડ ખાતે આ ઉજવણીનો મનભેર આનંદ માણેલ. દાતાશ્રી મૌલિકભાઈએ, છાત્રાલયના તમામ બાળકોને પતંગ તથા ફિરકી આપેલ.

### વાલી મીટિંગ

તા.૧૯-૧૨ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં માધ્યમિક શાળાની વાલી મીટિંગ યોજાઈ. આ મીટિંગમાં ૯૫% વાલીઓ ઉપસ્થિત રહયાં હતાં. આ વાલી મીટિંગમાં મુખ્ય મહેમાન તરીકે સમાજ સુરક્ષા ખાતાના અધિકારી શ્રી ભગિરથસિંહ ચુડાસમા આવેલ. તેઓશ્રીએ વાલીઓ તથા બાળકોના એસ.ટી. પાસ, રેલ્વે પાસ, વગેરેને લગતા પ્રશ્નો શાંતિથી સાંભળી, **સંતોષકારક માર્ગદર્શન** આપેલ. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ આ બાળકોના વિકાસ અંગે વાલીઓને મહત્વનું માર્ગદર્શન આપેલ. આ મીટિંગમાં આચાર્યશ્રી પ્રજ્ઞાબેને શાળા-છાત્રાલયને લગતાં મહત્વના પ્રશ્નો અંગે માર્ગદર્શન આપેલ.

### દાન

શેઠ બ્રધર્સ પરિવારના શ્રી મલ્લિકાબેન દેવેનભાઈ શેઠે, સંસ્થાની મોટી દીકરીઓ, અન્નદાનના લાભાર્થી બહેનો તથા ટીચર્સ ટ્રેનિંગ કોલેજની બહેનો માટે, અંદાજે રૂા. ૧ લાખની કિંમતની **નવી કૂર્તિઓ** ભેટ આપેલ. છેલ્લાં ચાર વર્ષથી તેઓએ આ ભેટ આપવાનો ક્રમ જાળવી રાખ્યો છે. સંસ્થા પરિવારે તેઓનો આભાર માનેલ છે.

### શાળા દર્શન

તા.૧૩-૧૨-૧૬ ના રોજ દાતાશ્રી વિનુભાઈ મોદી, પરિવાર સાથે **શાળા દર્શન** માટે પધારેલ. તેઓની મુલાકાત દરમિયાન બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો. બાળકોની કૃતિઓ નિહાળીને દાતાશ્રી અભિભૂત બનેલ અને શાળાના **મનોરંજન ફંડ માટે રૂા. ૧ લાખનું દાન** આપેલ છે. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ, શ્રી વિનુભાઈ તથા તેમના પરિવારનો પરિચય કરાવેલ તેમજ તેમનો આભાર માનેલ.

### Cochlear Celebrate હીયરિંગનો કાર્યક્રમ

Cochlear Celebrate હીયરિંગનો કાર્યક્રમ યોજાયેલ. જેમાં આપણી સંસ્થાના શિક્ષકશ્રી પ્રજ્ઞાબેન પંડયાએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનો કોકલિયર ઈમ્પ્લાન્ટવાળા બાળકોના વાલીને માર્ગદર્શન આપવાનું હતું. ઉપરાંત **"Cochlear TM Kanso TM" નવા મોડલને** Introduce કરવામાં આવ્યું અને તેના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી તેમજ કોકલિયર વિશેની KBC રમત જેવી પ્રશ્નોતરીનો કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી પ્રજ્ઞાબેને ઉત્કૃષ્ટ દેખાવ કરેલ.

## NCED Gujarat Chapter - Baroda

National Convention for the Education of the Deaf, 6th Annual Conferance-2016 અંતર્ગત "Modern precties and new Horizons in education of children with hearing impairment" વિષય ઉપર લગભગ ૩૫ પેપર્સ પ્રેઝન્ટ થયાં. જેમાં આપણી શાળાના શિક્ષકો શ્રીમતી કવિતાબેન શાહ, શ્રી ફાલ્ગુનીબેન મકવાણા, શ્રી શ્રીમબેન સવજીયાણી તથા શ્રી પ્રજ્ઞાબેન પંડયાએ, અલગ-અલગ વિષયો પર **પેપર પ્રેઝન્ટ** કરી, શાળાનું ગૌરવ વધારેલ છે. આ કોન્ફરન્સમાં લગભગ ગુજરાતના ૩૦૦ થી ૩૫૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ **શ્રવણમંદોના શિક્ષણના નવા અભિગમો વિશિષ્ટ શિક્ષકો** સુધી પહોંચાડવાનો હતો.

## શાળાના શિક્ષક શ્રી હર્ષાબેન આશરા - એવોર્ડથી સન્માનિત



**ધી નેશનલ સોસાયટી ફોર ઈક્વલ ઓપોર્ચ્યુનિટીઝ ફોર ધી હેન્ડિકેપ્ડ ઈન્ડિયા** (NASEOH) તરફથી **સ્વ. શ્રીમતી નંદિની પી. દ્વિવેટીયા બેસ્ટ ટીચર ઓફ ડિસેબલ્ડ ૨૦૧૬ નો એવોર્ડ** શ્રી હર્ષાબેનને ૯ ડિસે. ૨૦૧૬ ના રોજ મુંબઈ ખાતે મળેલ. સંસ્થા પરિવારે તેમને અભિનંદન પાઠવેલ છે.

## ખેલમહાકુંભ



ગુજરાત સરકાર આયોજિત **ખેલમહાકુંભ સ્પર્ધા** વર્ષ ૨૦૧૬-૧૭માં, શાળાના ૮૯ બાળકોએ તારીખ ૨૮-૧૧-૨૦૧૬ થી ૨૯-૧૧-૨૦૧૬ દરમિયાન ભાગ લીધો. અમદાવાદ ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં એથ્લેટિક્સ ટીમે ૯ મેડલ પ્રાપ્ત કરેલ અને વોલીબોલની બંને ટીમો ફાઈનલમાં રનર્સઅપ બની, ૧૭ મેડલ મેળવેલ. શાળાના બાળકોએ ૩ ગોલ્ડ મેડલ, ૧૭ સિલ્વર મેડલ અને ૭ બ્રોન્ઝ મેડલ, એમ કુલ ૨૬ મેડલ મેળવેલ. સંસ્થા પરિવારે રમત શિક્ષક શ્રી સંદિપભાઈ અને ખેલાડીઓને અભિનંદન પાઠવેલ છે.

## પ્રજ્ઞાચક્ષુ ભાગવતાચાર્ય શ્રી કૃણાલભાઈનું અભિવાદન

રાજયના એકમાત્ર પ્રજ્ઞાચક્ષુ કથાકાર અને ૩જી ડિસેમ્બરના રોજ, **વિશ્વ વિકલાંગ દિવસે**, રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના વરદ્ હસ્તે એવોર્ડ મેળવનાર, ભાગવતાચાર્ય શ્રી કૃણાલભાઈ રાજેન્દ્રભાઈ જોશીનું અભિવાદન કરવાનો એક કાર્યક્રમ યોજાયો. જેમાં આપણી સંસ્થા દ્વારા મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પુષ્પગુચ્છ તથા બધિર બાળકોએ તૈયાર કરેલ ગિફ્ટ અને શાલ અર્પણ કરી, અભિવાદન કરેલ. જેમાં સંસ્થાના ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા પણ જોડાયેલ.

## ૬૭ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

શાળાના રમતના મેદાનમાં **૬૭ મો પ્રજાસત્તાક દિન** ઉજવાયો. મંત્રીશ્રી જીતુભાઈ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાયું. ત્યારબાદ વિવિધ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો.

## વિનર શો

તા.૧૨-૧ ના રોજ એક્સેલ ઈન્ડસ્ટ્રિઝ દ્વારા આયોજિત, **"એક્સેલ એક્સપ્રેશન"** ના વિનર શોમાં આપણી સંસ્થાની કૃતિ **"લાડલી"** રજૂ કરવામાં આવી હતી. જેમાં ૧૮ બાળકોએ ભાગ લીધો હતો. દરેક બાળકને મેડલ તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ. તેમજ શાળાને શિલ્ડ એનાયત થયેલ.

## જન્મદિનની ભેટ

તા.૬-૧ ના રોજ આપણી શાળામાં મહેમાન શ્રી નરેન્દ્રભાઈ શાહ આવેલ. તેઓએ પ્રાર્થનાની પ્રવૃત્તિ નિહાળી. પ્રવૃત્તિના ભાગરૂપે દરરોજ જે બાળકનો જન્મદિન હોય, એ જ દિવસે તે બાળકને જન્મદિનની ભેટ અપાય છે તે જોઈ, તેઓ ખૂબ લાગણીવશ થઈ ગયાં. તેઓશ્રીએ બાળકોને જન્મદિનની ભેટ માટે રૂા. ૧,૦૦,૦૦૦/- નું અનુદાન આપી અને તેના વ્યાજમાંથી જન્મદિનની ભેટ આપવા દિલદારી બતાવી. સંસ્થાએ તેમનો હૃદયપૂર્વક આભાર માનેલ છે.

## શ્રવણમંદ બાળકોની સુહાની સફરો.. (પ્રવાસ)

૧. **વિક્ટોરિયા પાર્ક :-** શાળાના નર્સરીથી ધો. ૩ સુધીના બાળકો વિક્ટોરિયા પાર્કના પ્રવાસે ગયાં હતાં. પાર્કના ઝાડ, પાન, ફળ, ફૂલ, નર્સરી, તળાવ, પ્રાણીઓ, વિવિધ

પંખીઓને, બાળકોએ ચાલતાં-ચાલતાં જાણ્યાં અને માણ્યાં. જંગલમાં જાણે મંગલ.

**૨. કેબલબ્રિજ, મોડેસ્ટ કંપની, લોકગેટ અને અલંગ :-**



તા.૨૯-૧ ના રોજ ધો. ૪ અને ૫ ના બાળકો ભાવનગરમાં આવેલ કેબલબ્રિજ, મોડેસ્ટ કંપની, લોકગેટ અને અલંગ જેવા સ્થળોએ પ્રવાસ કર્યો. દરિયાઈ ખાડી પર બનાવાયેલો **ગુજરાતનો પ્રથમ કેબલબ્રિજ** બાળકોએ નિહાળ્યો. જહાજ બનાવવા અને રીપેરિંગ કરવાનો ઉદ્યોગ, મોડેસ્ટ કંપનીમાં જોયો.


ભાવનગરના નવા બંદરે ૧૯૬૧ માં જર્મન કંપનીએ બનાવેલ લોકગેઈટ બાળકોએ જોયો. સાથે-સાથે કોલસા અને મીઠાની આયાત-નિકાસ વિશે જાણકારી મેળવી. અંલગમાં પ્રિયાબ્લ્યૂ કંપનીના ઓનર શ્રી સંજયભાઈ મહેતાએ સ્વયં હાજર રહી, બાળકોને તેમના પ્લોટ પર જહાજ તોડવાની તમામ પ્રક્રિયા દર્શાવી. તેમણે અને તેમના દિકરી શ્રી વિશ્વાબેને બાળકોને પ્રેમથી ચા-નાસ્તો કરાવ્યો. આ પ્રવાસથી બાળકોએ બંદર, જહાજ બનાવવા તથા તોડવાની, દરિયાઈ માર્ગે થતી આયાત-નિકાસની માહિતી મેળવી.

**૩. ભાવનગર દર્શન :-** તા.૪-૧-૧૭ ના રોજ **શૈક્ષણિક જાણકારી**ના ભાગરૂપે, ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાવનગરના પ્રખ્યાત અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી.

સૌ પ્રથમ બારસે મહાદેવના દર્શન કરી, ગંગાદેરી, કેબલબ્રીજ, ગાંધીસ્મૃતિ, બાર્ટન મ્યુઝિયમ, ક્રાફ્ટ મ્યુઝિયમ, લાઈબ્રેરી, ખાદીભંડાર, સરદાર સ્મૃતિ તથા નિલમબાગ પેલેસ જેવા સ્થળોની મુલાકાત લીધી. **યુવરાજ સાહેબ શ્રી જયવીરરાજસિંહે**, આ બાળકોને પ્રત્યક્ષ મળી તેમના વિકાસ તથા વ્યવસાય અંગે મદદરૂપ બનવાની તત્પરતા દર્શાવી હતી. યુવરાજ સાહેબ તથા રાજ પરિવાર પ્રત્યે સંસ્થા કૃતજ્ઞતા દર્શાવે છે. તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે, બાળકો તથા શિક્ષકોને **અન્નપૂર્ણા ભોજનાલય**માં પ્રસાદનો લાભ આપ્યો તે માટે શ્રી ગિરીશભાઈનો સંસ્થા આભાર માને છે.

**૪. વેળાવદર - પ્રકૃતિ શિબિર :-** તા.૧૧-૧૨-૧૩ જાન્યુઆરી ૨૦૧૭ ના **ત્રિ-દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર**માં, શાળાના ૫૦ બાળકોએ ભાગ લીધેલ. આ ત્રણ દિવસો દરમિયાન બાળકોએ આહારકડીમાં દરેક પ્રાણીઓનું મહત્વ અને વન્યજીવન વિશે જાણકારી મેળવી. **કાળિયારના અભ્યારણ્ય**માં બાળકોને ફરવાની અને પ્રાણીજગત જોવાની ખૂબ મજા પડી.

## ૬૭ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી



તા. ૨૬ જાન્યુઆરીએ, **ભાવનગર બધિર મંડળે** તેના ૧૯માં સ્થાપના વર્ષે, **પ્રજાસત્તાક દિન**ની ઉજવણી કરી હતી. શ્રી મહાવીર ઓડિટોરિયમમાં તેઓએ નાટક, ઉપરાંત જુદી-જુદી રમતો, સ્પર્ધાઓનું આયોજન કરેલ. મુખ્ય મહેમાન તરીકે આર.ટી.ઓ. અધિકારી શ્રી અશોકભાઈ પટેલને આમંત્રિત કરેલ. શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા તેમજ અન્ય હોદ્દેદારોએ પ્રેરક હાજરી આપેલ. અંતમાં સૌ સમૂહભોજન લઈ છૂટા પડેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી હિતેષ મહેતા, શ્રી જગદીશ પંજવાણી, શ્રી મનન શાહ અને શ્રી મેહુલ ઓઝાએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

## બધિરો માટે ખુશ ખબર

શ્રવણમંદ લોકો સાઈન લેંગ્વેજથી કોમ્યુનિકેશન કરે છે. તેઓ એકબીજા સાથે સરળતાથી વાતચીત કરે છે પણ સામાન્ય લોકોને સાંકેતિક ભાષા ન આવડતી હોવાથી તેઓની સાથે વાતચીત કરવામાં બધિરોને મુશ્કેલી પડે છે. આ સમસ્યાને નિવારવા માટે સમાજ કલ્યાણ મંત્રાલય દ્વારા સૌ પ્રથમવાર **સાઇન લેંગ્વેજની પ્રથમ ડિક્ષનરી** તૈયાર થઈ રહી છે. જેમાં ૬૦૦૦ શબ્દો સમાવાયા છે. આ ડિક્ષનરીને **આઈ.એસ.એલ.** નામ અપાયું છે. જેમાં હિન્દી અને અંગ્રેજી બંને ભાષાની સાઈન લેંગ્વેજ હશે. દરેક શબ્દને કાર્ટૂન અથવા સ્કેચની મદદથી દર્શાવાયા છે. જેથી કોઈપણ વ્યકિત વાંચી-સમજીને બધિર વ્યકિત સાથે સરળતાથી કોમ્યુનિકેશન કરી શકશે. આ ડિક્ષનરી માર્ચ મહિનામાં લોન્ચ થશે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. કાજલબેન બોરડ

## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર



### વર્કશોપ દ્વારા થયેલ પ્રવૃત્તિની ઝાંખી...

જાન્યુઆરી મહિનામાં કુલ ૬ ની-બ્રેસના કેમ્પ કરવામાં આવ્યાં. જે હૈદરાબાદ, કાકિનાડા, દિલ્હી, જયપુર, સેલમઅને કોઈમ્બતુરમાં થયાં. જેમાં કુલ મળીને લગભગ **૨૨૦** લાભાર્થીઓને **ની-બ્રેસ** પુરી પાડવામાં આવી. હૈદરાબાદ અને દિલ્હીમાં કેન્દ્ર સરકારશ્રીના **હેલ્પ એજ ઈન્ડિયા**ના સહયોગથી આ કેમ્પ કરવામાં આવ્યાં. **ની-બ્રેસના ઉપયોગથી ની રીપ્લેસમેન્ટ**ની જંજાળમાંથી છૂટી શકાય છે તેમજ લોકો આર્થિક ભીડમાંથી પણ બચી શકે છે, તેથી દર્દીઓનો ધસારો આ કેમ્પમાં રહે છે, ની-બ્રેસનો ઉપયોગ કરી, દર્દીઓ ધુંટણના દુખાવામાંથી રાહત મેળવે છે.

સ્થાનિક સ્તરે જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન કુલ ૯૫ લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં અને જેમાં ૭૭ જેટલાં



જુદા-જુદા સાધનો જેવા કે, આર્ટિફિશલ હેન્ડ, આર્ટિ. લેગ, વાલગસ પેડ, એલ.એસ.બેલ્ટ, ની-બ્રેસ વિગેરે સાધનો પુરા પાડેલ છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને **સર્વાઇકલ કોલર** ફકત **ટોકન પેમેન્ટ**થી પુરાં પાડવામાં આવેલ હતાં.




# સંક્ષિપ્ત સમાચાર

✍ જ્યોતિબેન ભટ્ટી

## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એચ.આઈ.)



- તા. ૧૯-૧૧-૧૬ ના રોજ D.ed 4th sem ની બેચની Fare well party યોજાઈ. જેમાં સંસ્થા પરિવારના વડીલો ઉપસ્થિત રહેલ.
- NCED ગુજરાત ચેપ્ટર ૨૦૧૬ અંતર્ગત, કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા **પેપર પ્રેઝન્ટેશન** કરાયું. જેમાં સર્વશ્રી શેરસિંહ (D.ed), સ્તુતિબહેન અને દિક્ષેશ (B.ed) ના પેપર્સ પ્રભાવશાળી રહયાં. અક્ષર ટ્રસ્ટના સેક્રેટરીશ્રી નિશાબેન ગ્રોવરે વિદ્યાર્થીઓના આ પ્રયત્નને બિરદાવેલ.
- તા.૧૪-૧૨-૧૭ ના રોજ Session-II માં TTC ના કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવ Chair Parson રહયાં હતાં. તેના માટે તથા વિદ્યાર્થીઓને તૈયાર કરવા બદલ સંસ્થાએ, શ્રી સંતોષભાઈ યાદવને અભિનંદન પાઠવેલ.
- TTC ના D.ed 1st sem અને B.ed 1 sem ના વિદ્યાર્થીઓએ, સામાન્ય શાળા શ્રી પાણિયાળા પ્રાથમિક શાળા, તા. ધોઘા ખાતે, તા.૧૯-૧૨-૧૬ થી તા. ૩૦-૧૨-૧૬ પાઠ લીધેલ. તેમજ આપણી શાળામાં D.ed



3rd sem અને B.ed 4th sem ના વિદ્યાર્થીઓએ પાઠ લીધેલ છે.

- External Examination :- D.ed.Spl. Ed. (HI), 4th sem (2014-16) ની External Exam RCI ના AYJNIHH (Examination Cell) દ્વારા તા.૧૭-૧૧-૧૬ અને તા.૧૮-૧૧-૧૬ ના રોજ લેવામાં આવેલ છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ લાભુભાઈ સોનાણી



## શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રિય અંધજન મંડળ (જિલ્લા શાખા)

### પ્રજ્ઞાચક્ષુ મહિલા શ્રી નીલાબેન સોનાણીને, 'પ્રજ્ઞાચક્ષુ પ્રતિભા એવોર્ડ-૨૦૧૬'



રાષ્ટ્રીય અંધજન મંડળ-ગુજરાત રાજયશાખા દ્વારા, તા. ૩૦/૧૨/૧૬ના રોજ અંધજન મંડળ-અમદાવાદ ખાતે, કેન્દ્રીય મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતની અધ્યક્ષતામાં અને રાજયમંત્રી શ્રી આત્મારામભાઈ પરમારની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ, **ખાસ કાર્યક્રમ**માં ભાવેણાના પ્રજ્ઞાચક્ષુ શિક્ષિકા શ્રી નીલાબેન એલ. સોનાણીને પ્રજ્ઞાચક્ષુ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ **સ્વ. ભીખાભાઈ ચુનીલાલ શાહ મોમોરીયલ એવોર્ડ-૨૦૧૬**થી સ્નમાનિત કરવામાં આવ્યાં હતાં. શ્રી નીલાબેન સોનાણી પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં, શ્રી ઘનશ્યામનગર પ્રાથમિક શાળામાં ફરજ બજાવી રહયાં છે, અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશિલ છે.

### શ્રી લાભુભાઈ સોનાણીને "ડૉ. નિલંકઠરાય છત્રપતિ એવોર્ડ-૨૦૧૨"



અંધત્વ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરવા બદલ, **ડૉ.નિલંકઠરાય છત્રપતિ એવોર્ડ-૨૦૧૨,** શ્રી અંધ ઉદ્યોગ શાળાના સી.ઈ.ઓ. અને રાષ્ટ્રીય અંધજન મંડળ-ભાવનગર જિલ્લાશાખાના માનદ્ મંત્રી શ્રી લાભુભાઈ ટી. સોનાણીને એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં શ્રી લાભુભાઈ સોનાણીએ વિવિધ સંસ્થાઓ જેવી કે, ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ, અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, અંધ અભ્યુદયમંડળ સાથે જોડાઈ **અંધત્વ સેવા ક્ષેત્રે**, નોંધપાત્ર કાર્યો કર્યા છે. તેમને આ પહેલાં પણ અનેક એવોર્ડો-સન્માનો પ્રાપ્ત થઈ ચૂકયાં છે. સંસ્થા પરિવાર તેમને શુભેચ્છા પાઠવે છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મનસુખ એ. સોરઠિયા



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

## શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ

### થાઈરોઈડ નિદાન કેમ્પ

શેઠ શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે, તારીખ ૧૯/૧/૨૦૧૭ને ગુરુવારના રોજ રાહતદરે **થાયરોઈડ નિદાન કેમ્પ** નું આયોજન કરવામાં આવેલ. જેમાં રૂા. ૫૦/- માં (ટી-૩, ટી-૪, ટી.એસ.એચ.) ત્રણ પ્રકારના રિપોર્ટ કરાવવા માટે ૬૫ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પ દર મહિને યોજવાનું નકકી કરેલ છે.

### ઈ.એન.ટી. કેમ્પ



શ્રીમતી વી. પી. કાપડીયા મહિલા કૉલેજમાં ઈ.એન.ટી.નો ફ્રી નિદાન કેમ્પ રાખવામાં આવેલ જેનો ૫૫ બહેનોએ લાભ લીધો હતો



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### "અંકુર" શાળાનું ગૌરવ :-

રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ દ્વારા દર વર્ષે, **વિશ્વ વિકલાંગ દિવસ** અંતર્ગત વિવિધ એવોર્ડ આપવામાં આવે છે, જેના અનુસંધાને **સ્વ. શ્રી નંદીની પી. દ્વિવેદીયા રૂરલ રિહેબિલિટેશન એવોર્ડ ફોર ડિસેબલ્ડ ૨૦૧૬**નો **બેસ્ટ એમ્પલોયી**નો એવોર્ડ, અંકુર શાળામાં કાર્ય કરતાં **રાઠોડ રાકેશે** મેળવી, રાજય કક્ષાએ અંકુર શાળાનું ગૌરવ વધારેલ છે. આ એવોર્ડની સંપૂર્ણ કામગીરી મદદનીશ શિક્ષક શ્રી નેહલબેન ગઢવી દ્વારા સુંદર રીતે કરવામાં આવેલ.

### "નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે" :-




તાજેતરમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગિરથસિંહ ચુડાસમાના અતિથિવિશેષ પદે **"નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે"** ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં મંદબુધ્ધિ વિદ્યાર્થીની શ્રી ધારાબેન ત્રિવેદી દ્વારા સુંદર રીતે પ્રાર્થના રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ સ્વાગત પ્રવચન અને મહેમાનોને સ્મૃતિભેટ અર્પણ કરેલ. ત્યારબાદ શિક્ષક શ્રી પારસભાઈ પરમાર દ્વારા, નેશનલ ટ્રસ્ટ ફાઉન્ડેશન ડે વિષે સરળ ભાષામાં ખુબજ રસપ્રદ માહિતી આપવામાં આવેલ. તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી પ્રકાશભાઈ એમ. ખેરાલાએ ઉપસ્થિત વાલીઓને **બાળ કાયદાઓ** વિશે માહિતી પુરી પાડેલ. ત્યારબાદ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી રાકેશ રાઠોડે તાજેતરમાં **"બેસ્ટ ડિસેબલ્ડ એમ્પલોયી"** નો એવોર્ડ પ્રાપ્ત કરી, અંકુર શાળાનું ગૌરવ વધારેલ, જે બદલ તેનું સન્માન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ.

### 'વિશ્વ માનસિક વિકલાંગ દિવસ'ની ઉજવણી

૮ ડિસેમ્બર **"વિશ્વ માનસિક વિકલાંગ દિન"** તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે, સામાન્ય માણસોમાં માનસિક વિકલાંગતા અંગે જાગૃતતા આવે અને આ લોકો પણ સમાજનું જ એક મહત્વનું અંગે છે અને તેમને સન્માનભેર સ્વિકારી, તેઓને પગભર કરવામાં મદદરૂપ બનીએ, તેવા આશયથી વિશ્વ માનસિક વિકલાંગ દિનની ઉજવણીના ભાગરૂપે, વળાવળ કન્યા વિદ્યાલયની ૫૩ વિદ્યાર્થિનીઓ તથા શ્રી દોલત અનંત વળિયા હાઈસ્કૂલની ૭૦ વિદ્યાર્થિનીઓએ શાળાની મુલાકાત લીધેલ. જેને સંસ્થાના મદદનીશ શિક્ષક શ્રી પારૂલબેન પાઠક તેમજ શ્રી આરીફભાઈ જેઠવા દ્વારા **મંદબુધ્ધિત્વ** વિશે તથા અંકુર શાળા વિશે માહિતી આપવામાં આવેલ.

### પતંગોત્સવ :-

- તાજેતરમાં યુથ કોગ્રેસ દ્વારા ઘોઘાસર્કલ અખાડા ખાતે, શાળાના બાળકો માટે **પતંગોત્સવ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ, તેમજ યુથ કોગ્રેસ દ્વારા દરેક બાળકોને પતંગ, તેમજ ફીરકીનું વિતરણ કરવામાં આવેલ.
- ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા પણ શાળાના દરેક બાળકોને પતંગ તેમજ ફીરકી આપવામાં આવેલ.

### આરોગ્ય તપાસણી :-

તાજેતરમાં દર વર્ષની માફક આ વર્ષે પણ ગુજરાત સરકાર દ્વારા આયોજીત શાળા **આરોગ્ય તપાસણી કાર્યક્રમ** અંતર્ગત, શાળાના કુલ **૧૪૪** બાળકોની સ્વાસ્થ સંબંધિત તપાસ કરવામાં આવેલ. તેમજ ગંભીર તકલીફવાળા ૪૨ બાળકોને **સંદર્ભ કાર્ડ** ઈશ્યુ કરવામાં આવેલ.

### અનાવરણ :-

શાળામાં કાર્યરત ફિઝિયોથેરાપી સેન્ટરના વિસ્તૃતિકરણ, તેમજ ઈન્વર્ટર અને કલાસરૂમના ફર્નિચર માટે, સ્વ. અનુપમાબેન (જૈતુનબેન) અહેમદઅલી કપાસી તરફથી ૭.૫૦ લાખનું દાન પ્રાપ્ત થયેલ. તેની તકિતનું અનાવરણ તા.૭/૧/૧૭ ના રોજ શ્રી વિનુભાઈ પરીખ તથા શ્રી જીતુભાઈ સી. મહેતાના વરદ્ હસ્તે કરવામાં આવેલ. સંસ્થાના દાતાશ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ તરફથી કલાસરૂમના ફર્નિચર માટે રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ, તેની તકિતનું અનાવરણ તા.૭/૧/૧૭ ના રોજ કરવામાં આવેલ.

# અમો ઋણી છીએ દાતાઓના

## ૧ ડિસેમ્બર - ૨૦૧૬ થી ૩૧ જાન્યુઆરી - ૨૦૧૭ સુધી
## રૂ.૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### (35 A.C.) ₹

| | |
|---|---|
| Shri Purnima G. Kapadia - Mumbai | 300000 |
| M/S. Sofotel Infra Pvt. Ltd - Mumbai | 350000 |
| Shri Bhupendrabhai Himatlal Shah - Mumbai | 125000 |
| Shri Kirit B. Rach - Mumbai | 51000 |
| Shri Naliniben K. Pandya - Mumbai | 2500 |
| M/S. Techno Color Corporation - Mumbai | 150000 |
| Shri Indravadan Bhailal Majmudar - Mumbai | 10000 |
| Shri Mukundbhai C. Majmudar - Baroda | 5000 |
| M/S. Fortune Financial & Equities Services Pvt.ltd - Mumbai | 200000 |
| M/S. R. j. Mehta And Associates Propritor Rajen J. Mehta - Mumbai | 100000 |
| Shri Natvarlal Ramniklal Chanchad - Vadodara | 10000 |
| M/S. Thakkar Electronics - New Mumbai | 1001 |
| Shri Gul Mulchand Kirpalani - Mumbai | 50000 |
| M/S. R. j. Mehta And Associates (Propritor-rajen J.Mehta) - Mumbai | 100000 |
| Shri Harendrabhai B. Sanghavi - Mumbai | 1000000 |
| M/S. Sheth Entreprises - Mumbai | 1000000 |
| Shri Chandrakant Chimanlal Desai - Mumbai | 25000 |
| Shri Sudhaben Kiritbhai Chaudhari - Mumbai | 5000 |
| Shri Bhavanaben Jayantbhai Gandhi-Bhavnagar | 21000 |
| M/S. S J Impax - Mumbai | 300000 |
| Shri Bharatbhai Shamjibhai Parekh - Mumbai | 200000 |
| Shri Gautambhai Ramanlal Patel - Ahmedabad | 11000 |

### (80-G) ₹

| | |
|---|---|
| M/S. Kampani Charitable Trust - Mumbai | 100000 |
| Shri Anantbhai H. Raval - Bhavanagr | 1000 |
| Shri Vijaybhai Algotar - Bhavanagr | 2200 |
| Shreeji Kripa Charitable Trust - Mumbai | 11000 |
| Bhavnagar Seva Mandal (Seva Samiti) - Bhavnagar | 10000 |
| Gigabhai Nathubhai Charity Trust - Mumbai | 100000 |
| K. N. Shah Charitable Trust - Mumbai | 1000000 |
| Shri Parv Suketubhai Shah - Bhavnagar | 2000 |
| Shri Ramanlal B. Patel - Ahmedabad | 11000 |
| Shri Jyotiben P. Parmar - Bhavnagar | 1800 |
| Shri Bajrang Batteries - Bhavnagar | 2000 |
| Hirabai Mehta Charitable Trust - Mumbai | 25000 |

### (FCRA PROJECT) ₹

| | |
|---|---|
| PNR USA Foundation Inc. - U.S.A. | 1903780 |
| Impact Foundation - U.K. | 1470525 |

### (CSR PROJECT)

| | |
|---|---|
| Prima Plastics Ltd. - Mumbai | 350000 |

### (AT&T CORPUS FUND) $

| | |
|---|---|
| Mrs. Jasiben Himatlal Shah Thorugh : Prafulbhai Shah | 1626 |
| Mrs. Vasantiben Bhogilal Dhami Through : Prafulbhai Shah | 1626 |
| Mrs. Gunvantiben Shah Through : Gunvantbhai Shah | 5000 |
| The Dalal Family Foundation Through : Nayanbhai Dalal | 5050 |
| Mrs. Jashumati Nyalchand Vakil Through : Mr. Bharatbhai Vakil | 1587 |
| Mr. Vijaykumar | 1525 |
| Ony Chinwala | 5000 |
| Rajnikant Mehta & Mrs. Jyoti | 1500 |
| Mr. Himatlal Nathubhai Shah Through : Prafulbhai Shah | 610 |
| Mr. Prafull Mehta | 300 |
| Mr. R.B. Kasat | 350 |
| Mr. Ravi Vora | 400 |
| Mr. Ashok Shah | 400 |
| Mr. Uday Kapadia | 300 |
| Mrs. Smita Shah | 500 |
| Mr. Ashwin Shah | 500 |
| Mr. J. J. Patel | 365 |
| Mrs. Bhagvati Shah Through : Piyush Shah | 365 |
| Mr. Jayant Rajyaguru | 151 |
| Mrs. Sheila Rajamani | 100 |
| Mr. Mahesh Jhala | 100 |
| Mr. Navin Shah | 50 |
| Mr. Prafull Mehta | 300 |
| Mrs. Sonal Pandya | 100 |
| Mr. Kiran & Rupa Kothari | 800 |
| Mrs. Smita Shah | 1050 |
| Mr. Atul & Charu Parekh | 100 |
| Mr. Amrendra Singh | 50 |
| Mr. Subhash Vora | 1500 |
| Mr. Ashwin Shah | 501 |
| Mr. Gunvantrai Shah | 4275 |
| Mr. Gunvantrai Shah | 725 |
| Mr. Sanjay & Manisha Gandhi | 1500 |
| Mr. Praful Shah | 964 |
| Mr. Pravinchandra Shah | 1500 |
| The Dalal Family Foundation Through : Nayanbhai Dalal | 5000 |
| Mr. Praful Shah | 25 |

| | |
|---|---|
| Mr. Batuk Modi | 365 |
| Mr. Deepak Kapadia | 3090 |
| Mr. Rajni Mehta | 1501 |
| Onally Chinwala | 3000 |
| Mr. Ravi Vora | 400 |
| Mr. Kamlesh Tewari | 1500 |

## K. L. INSTITUTE FOR THE DEAF


| (35 A.C.) | ₹ |
|---|---|
| Shri Anilbhai R Shridharani - Bhavnagar | 300000 |
| Shri Natwarlal R Chachad - Baroda | 10000 |
| Shri Anantray Harishankar Raval - Bhavnagar | 300000 |
| Shri Dipakkumar Gamanlal Mehta - Mumbai | 300000 |
| Shri Pareshbhai Bansilal Shah - Mumbai | 300000 |
| Shri Narendrabhai L. Shah - Mumbai | 300000 |
| Shashi Industries - Bhavnagar | 100000 |
| Shri Anilbhai P. Parekh - Mumbai | 250000 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 50000 |
| Shri Ullahas C. Paymaster - Mumbai | 201000 |
| James Walker Inmarco Indistries Pvt Ltd - Mumbai | 300000 |

| (80-G) | ₹ |
|---|---|
| Shri Vinodbhai R Shah - Mumbai | 2000 |
| Shri Vinodray Amrutlal Shah - Mahuva | 12500 |
| Shri Lt.Kanchanben Mansukhlal Shah - Mahuva | 1001 |
| Shri Raxaben Dave - Bhavnagar | 2000 |
| Sahajanand Nursing School - Akwada,Bhavnagar | 1750 |
| Shri Harshkantbhai Rakhasiya - Bhavnagar | 15000 |
| Shri Varshaben B Lalani - Bhavnagar | 4000 |
| Shri Ajaybhai M Doshi - Bhavnagar | 5000 |
| Bhavnagar Seva Mandal - Bhavnagar | 10000 |
| Lt.Madhukantaben Vinaychand Shah - Bhavnagar | 3000 |
| Lt..Dipakbhai K Gandhi - Bhavnagar | 1500 |
| Shri Rajeshbhai Sanghavi - Bhavnagar | 3000 |
| Sant Seva Ram Mandir - Bhavnagar | 6000 |
| Shri Anantrai A Shah(Mafatkaka) - Bhavnagar | 1500 |
| Shri Jaydip Vinubhai Rabadia - Surat | 3000 |
| Shri Ashav Vinubhai Rabadia - Surat | 3000 |
| Shri Krishna Pump Service - Bhavnagar | 12000 |
| Vile Parle Vardhman Sathan Jain Sarvajanik - Mumbai | 5000 |
| Shri Ashokbhai Gulabchad Chitaliya - Bhavnagar | 19150 |
| Shri Arvindbhai P Rana - Bhavnagar | 2000 |
| Shri Apurva Girishbhai Sheth - Bhavnagar | 15000 |
| Shri Sandipbhai Gandhi - Rajasthan | 2000 |
| Shri Priyanka Mahendi Com - Rajasthan | 1100 |
| Shri Ronakbhai Jain - Rajasthan | 2000 |
| Shri Bharatbhai R. Shah - Mumbai | 20000 |
| Shri Niranjanaben Bharatbhai Shah - Mumbai | 20000 |
| Shri Girishbhai R. Shah - Mumbai | 20000 |
| Shri Dipikaben G. Shah - Mumbai | 20000 |
| Shri Preshbhai R. Shah - Mumbai | 20000 |
| Shri Shilpaben P. Shah - Mumbai | 20000 |
| Shri Vinubhai Ramchand Shah - Mumbai | 40000 |
| Shri Charuben Ramchand Shah - Mumbai | 40000 |
| Sheth Opticals - Ahmedabad | 15000 |
| Shri Subhash Rasiklal Vohra - Bhavnagar | 5000 |
| K. N. Shah Charitable Trust - Mumbai | 100000 |
| Surajba Charitable Trust - Mumbai | 2500000 |
| Shri Nitaben Hareshbhai Shah - Mumbai | 10000 |
| Shri Sheetalben kalubhai Shah - Bhavnagar | 2700 |
| Shri Jatinbhai Yashwantlal Mehta - Mumbai | 300000 |
| Shri Anantray Harishankar Raval - Bhavnagar | 7000 |
| Shri Dixit Sureshbhai Patel - Mumbai | 9000 |
| Shri Nandita Shah - Mumbai | 10000 |
| Shri Renu Shah - Bhavnagar | 5000 |
| Shri Kanaiyalal L Rathod - Bhavnagar | 11000 |
| Ghatkopar Sarvanik Seva Samaj - Mumbai | 100000 |
| Abhijeetsinh Jadeja - Bhavnagar | 5200 |
| Shri Jayotiben J. Patel - Bhavnagar | 11000 |
| Kalpeshbhai Jasvantrai Loliyana - Bhavnagar | 1000 |
| Dudhiben Devchand Mehta Charitable Trust - Mumbai | 2500 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| (80-G) | ₹ |
|---|---|
| Shri Tecno Color Corporation - Mumbai | 100000 |
| Shri Sushil K. Parekh Foundation - Mumbai | 100000 |
| Shri Bhavinbhai Maheta Parivar - Bardoli | 57000 |
| Shri R. C. Anandpara - Mumbai | 25000 |
| Shri Sadhana Cha Parivar - Mahuva | 25000 |
| Shri Jigneshbhai Parekh - Bhavnagar | 20000 |
| Shri Natvarlal R. Chanchad - Baroda | 10000 |
| Shri Jaylataben Arvindbhai Sheth - Bhavnagar | 10000 |
| Shri Ashokbhai Dhirajlal Dalal - Mumbai | 5000 |
| Shri Bhavin DhaneshChandra Joshi - Bhavnagar | 5000 |
| Shri Pritiben Nareshbhai Dodeha - Bhavnagar | 2020 |
| Shri Amitkumar A. Jagad - Bhavnagar | 2000 |
| Shri Jasvatrai Sundarjibhai Loliyana - Bhavnagar | 1000 |

## અભિપ્રાય



**ડૉ. મોહનભાઈ પટેલ**

તા. ૧૦/૧/૧૭

**મુરબ્બી બાબાભાઈ,**
**નટુભાઈ, ગિરીશભાઈ, અન્ય સૌ મિત્રો,**


ભાવનગરમાં તમારી જોડે અને આપણી સંસ્થામાં થોડો સમય ગાળ્યાનો આનંદ માણીને, હવે હું મુંબઈ પાછો આવી ગયો છું. ખૂબ સુંદર અનુભવ થયો. આપણું છાત્રાલય તો અદ્‌ભૂત છે ! આટલું સુવિધાવાળું, બાળકો માટેનું છાત્રાલય કોઈ જગ્યાએ જોયું નથી. હું જોઈ શકયો કે, તમારા બધાજ કામોમાં સગવડ-સુવિધા, સાથે-સાથે ગુણવત્તાને પણ ખૂબ મહત્વ અપાય છે. આપણી સંસ્થાનો કેમ્પસ અવર્ણનીય છે. કેટલો સુંદર બગીચો છે ! ખરેખર ભાવનગર આવીને ધન્યતા અનુભવીએ છીએ. તમને સૌને અભિનંદન. અને જે આગતા-સ્વાગતા તમે અમારી કરી, તે બદલ ખૂબ ખૂબ અભાર.

**સસ્નેહ**
**ડૉ. મોહનભાઈ પટેલ**



આહલાદક સુગંધ
વાતાવરણમાં લાવે રંગત...
તાલ મિલાવે પરસ્પરના સબંધની સંગત...
તન મન ઝુમી ઉઠે... હર પળ બને મંગલ...
माज़ा
AGARBATTI
SHASHI INDUSTRIES
CROREPATI
(GOLD)
AGARBATTI
शशी
डेनिम
Flora
अगरबत्ती
SHASHI INDUSTRIES
SANDAL
NATURALS
DENIM
AGARBATTI
REGD. NO. 496346
SHASHI INDUSTRIES
माज़ा
अगरबत्ती
करोड़पती
अगरबत्ती
સિલ્વર પેકમાં
डेनिम
Flora
SANDAL
Agarbatti
डेनिम
अगरबत्ती
...ઉત્પાદક... શશી ઈન્ડસ્ટ્રીઝ
ભાવનગર-અમદાવાદ-બેંગ્લોર
email:shashiho@sancharnet.in

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 February-2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com